

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**




**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# جعفری آواز
# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-4, March-2025**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૫૧૯



**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા

અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com


## લેખાનુક્રમ


- **ઉઘડતે પાને**

  હિદાયત: હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો . 3

- **તંત્રી લેખ**

  કુરઆનમાં ઉલ્લેખ થયેલાં જાનવરો.......... 7

- **કુરઆન અને હદીસ**

  કુરઆન શિક્ષણ .............................. 11

  ગુરરુલ હિકમ ................................ 13

  નહ્જુલ અસરાર .............................. 15

- **તરીકત**

  મશાયખવાણી................................ 19

- **અદબિયાત**

  મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

  સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

  અલ ઈર્શાદ .................................. 31

- **અખ્લાક**

  જ્ઞાનગોષ્ઠિ ................................... 35

  તહ્ઝીબુલ ઈસ્લામ ......................... 39

  આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 43

- **દુઆ અને મુનાજાત**

  ઈબાદાત...................................... 47

- **અન્ય**

  વ્યક્તિ વિશેષ – હબીબ ઈબ્ને મુઝાહિર અસદી (અ.)..51

  આપણા ઘરની વાતો ........................ 55

  'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 56

## હિદાયત:

# હઝરત સુલયમાન (અ.)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

(ગતાંકનું ચાલુ)

سلیمان علیہ السلام کا سخت امتحان

કુરઆન શરીફમાં સુલયમાન (અ.)ના ઈમ્તેહાન વિષે પણ આયત છે. આપણે ખાલી આયત જોઈ લઈએ. અહીં કેટલાક આલિમો હદીસો પ્રમાણે અથવા કોઈ બીજી રિવાયતો પ્રમાણે, એમના ઊંડાણમાં જાય છે, પણ આપણે ઊંડાણમાં નહીં જઈએ, ફક્ત આયતને જોઈ લઈશું.

قرآن کہتا ہے: ''ہم نے سلیمانؑ کا امتحان لیا اور اس کی کرسی پر ایک دھڑ ڈال دیا، پھر اس نے بارگاہ خداوندی کی طرف رجوع کیا اور اس کی طرف لوٹا۔''

(સૂરા સાદ, આયત–૩૪)

સુલયમાન (અ.)ની તોબા વિષે વર્ણન કરતાં કુરઆન શરીફ કહે છે કે, અમે ઈમ્તેહાન લીધું સુલયમાન (અ.)નું અને ઈમ્તેહાનમાં તર્કે ઔલા થઈ ગયો સુલયમાન (અ.)થી, એટલે સજાના તૌર પર અથવા તો ઈમ્તેહાનના તૌર પર અલ્લાહે એમની કુર્સી ઉપર, જે એમનું તખ્ત હતું, એના ઉપર એક સર વિનાની લાશ મૂકી દીધી. તો સુલયમાન (અ.) ને પછી તર્કે ઔલા થયાનું ભાન આવ્યું, અને તેમણે અલ્લાહથી તોબા કરી અને પાછા અલ્લાહની તરફ આવી ગયા. હવે કુરઆન શરીફની આયત આટલું જ કહે છે, હું પણ આટલું જ કહીશ. અહીંયાં વધારે રિવાયતો લખેલી છે પણ એના ઊંડાણમાં જવાની જરૂર નથી.

سلیمان علیہ السلام کی وسیع حکومت

સુલયમાન (અ.)ની હુકૂમત, તેમના રાજ્યનો વિસ્તાર કેટલો હતો?

اللہ نے سلیمانؑ کی درخواست قبول کر لی،

સુલયમાન (અ.)એ જ્યારે તોબા કરી, તો પછી દુઆ કરી. એ પણ કુરઆન શરીફમાં આવી રીતે છે:

''اس نے کہا: ''پروردگارا! مجھے بخش دے، اور مجھے ایسی حکومت عطا کر جو میرے بعد کسی کے شایاں نہ ہو، کیونکہ تو ہی بہت عطا کرنے والا ہے۔''''

(સૂરા સાદ, આયત–૩૫)

તો સુલયમાન (અ.)એ આવી રીતે રાજ્યની દુઆ માગી કે એવું રાજ્ય અલ્લાહ બખ્શે તેમને, કે તેમના પછી કોઈને એવું ન મળે, તો પછી અલ્લાહે તેમની દુઆ કબૂલ કરી.

اللہ نے سلیمانؑ کی درخواست قبول کر لی اور انہیں خصوصی امتیازات اور عظیم نعمات والی حکومت عطا کی۔ ان امتیازات و نعمات کا پانچ حصوں میں خلاصہ کیا جا سکتا ہے۔

હવે જે વિશેષતાઓ અલ્લાહે સુલયમાન (અ.) ની હુકૂમતને આપી હતી, એ પાંચ વિશેષતાઓ છે, એ જોતા જઈએ. પહેલી વિશેષતા છે:

ہواؤں پر قبضہ

સુલયમાન (અ.)નો કબજો હવા ઉપર પણ હતો. હુકમ કરી દે કે હવા આ બાજુ ચાલે, તો હવા એ બાજુ ચાલતી થઈ જતી હતી.

خدا کی پہلی نعمت تھی ہواؤں کا ایک رہوار اور سواری کی طرح تابع ہونا۔ جیسا کہ فرمایا گیا ہے: ''ہم نے ہوا کو اس کے تابع کر دیا تاکہ اس کے حکم کے مطابق آرام سے چلے اور جہاں کا وہ ارادہ کرے جا سکے۔''

(સૂરા સાદ, આયત-૩૬)

واضح ہے کہ ایک وسیع و عریض حکومت میں تیز رفتار رابطوں کی ضرورت ہوتی ہے تاکہ بوقت ضرورت سربراہ حکومت تیزی کے ساتھ ملک کے تمام علاقوں میں آ جا سکے۔ اللہ نے یہ امتیاز حضرت سلیمانؑ کو دے رکھا تھا۔

તો આના જ કારણે શેતરંજીની રિવાયત આવી હશે કે હવાને હુકમ કરતા હતા, એટલે જે બાજુ કહેતા હતા એ બાજુ ચાલી જતી હતી, અને સવારી શક્ય હશે કે શેતરંજી ઉપર બેસતા હોય, પરંતુ કુરઆન શરીફમાં હજુ સુધી આપણે જે આયતો જોઈ ગયા તેમાં શેતરંજીનું કોઈ વર્ણન નથી, પરંતુ હવાઓ ઉપર હુકૂમત હતી.

પછી બીજી વિશેષતા:

جنوں پر بھی حکومت

જિન્નાતો ઉપર આપણે જોઈ ગયા, મોત વિષેની આયતોમાં.

دوسری نعمت اللہ تعالیٰ نے حضرت سلیمانؑ کو یہ عطا کی تھی کہ سرکش موجودات ان کے لئے مسخر کر دیے گئے تھے اور ان کے لئے اختیار میں دے دیے گئے تھے تاکہ آپؑ ان سے مثبت کام لے سکیں۔ جیسا کہ قرآن میں فرمایا گیا: ''اور ہم نے شیطانوں کو اس کے لئے مسخر کر دیا اور ان میں سے ہر معمار اور غواص کو اس کا تابع فرمان بنا دیا گیا۔''

(સૂરા સાદ, આયત-૩૭)

શયતાન એટલે જે સરકશ (બદમાશ) લોકો હોય, જે સર્જન હોય ને અલ્લાહનાં, મખ્લૂક અલ્લાહની, એ બધી સુલયમાન (અ.)ના તાબે હતી. એટલે શયતાન પણ સુલયમાન (અ.)નો હુકમ માનતા હતા. કુરઆન શરીફની આયત જાહેર છે.

تاکہ ان میں سے کچھ خشکی میں ان کے کہنے کے مطابق تعمیرات کریں اور کچھ دریا میں غواصی اور غوطہ زنی کے کام آئیں۔

આવી રીતે જિન્નોમાંથી જે શયતાન હતા, તે

બધા — કુરઆન શરીફ પ્રમાણે — સુલયમાન (અ.) નું કાર્ય કરતા હતા, એમની તાબેદારી કરતા હતા, કે જમીન પર મહેલો બનાવતા અને જ્યારે સમુદ્રમાં ડૂબકી મારવાની હોય, તો એ કામ કરી આપતા હતા.

اس طرح سے اللہ تعالٰی نے مثبت کاموں کے لئے موجود قوّت ان کے اختیار میں دے دی۔ شیطان کہ جن کے مزاج ہی میں سرکشی ہے وہ ان کے لئے اس طرح سے مسخر ہو گئے کہ ان سے تعمیری اور اصلاحی کام لیا جانے لگا اور گراں بہا منابع سے استفادہ کے لئے وہ استعمال ہونے لگے۔

શયતાનનું કામ શું? તોડફોડ કરવાનું, પરંતુ આ અલ્લાહનો મોઅજિઝો હતો કે સુલયમાન (અ.)ના તાબેદાર તેમને બનાવી દીધા. હવે સુલયમાન (અ.) તેમનાથી તોડફોડ કરવાનું નહીં, પરંતુ Constructive જેને કહેવાય ને તોડફોડથી ઊલટું, બધું બનાવવાનું સારી રીતે સર્જન કરવાનું, એ બધું કામ લેતા હતા.

قرآن مجید کی متعدد آیتوں میں اس امر کی طرف اشارہ ہے کہ شیطان حضرت سلیمانؑ کے تابع فرمان تھے اور ان کے حکم کے مطابق مثبت کام کرتے تھے۔ البتہ بعض مقامات پر شیاطین کا لفظ ہے، جبکہ بعض مقامات پر جن کا لفظ ہے۔

એટલે કુરઆન શરીફમાં બન્ને શબ્દો વપરાયા છે. જે રૈયતમાં હતા સુલયમાન (અ.)ની એ કોણ હતા? ઘણી આયતોમાં શયતાન છે, ઘણી આયતોમાં જિન છે, એટલે બન્ને એકબીજાની વિરોધી આયતો નથી. જે શયતાનો હતા એ જિન્નોમાંથી હતા. આ બન્ને આયતોથી કદાચ આવી રીતે આપણે નિષ્કર્ષ કાઢી શકીએ.

جن ایک ایسا موجود ہے جو ہماری نظروں سے پوشیدہ ہے لیکن عقل و شعور اور طاقت کا حامل ہے۔

જિન અલ્લાહની એક એવી મખ્લૂક છે કે જેને આપણે જોઈ શકતા નથી, પરંતુ માણસની જેમ તે સમજી–વિચારી શકે છે. બીજી અલ્લાહની જે મખ્લૂક છે તે સમજી–વિચારી શકતી નથી, જિન્નાત સમજી–વિચારી શકે છે.

نیز جنوں میں مومن بھی ہیں اور کافر بھی، اور اس میں کوئی مانع نہیں کہ حکم خدا سے وہ ایک نبی کے تابع فرمان ہو جائیں اور مفید کام انجام دیں۔

અલ્લાહના હુકમથી જિન્નોમાં પણ કોઈ નબીના તાબેદાર થઈ જાય અને તેમની મદદ કરે, તો તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી. (ક્રમશ:)

જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ


મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**

# ગડમથલ

**૩૮૨** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) શ્રેષ્ઠતા, મહત્તા, દબદબો (૪)
(૩) સફોને તોડનાર, સેનાને ચીરનાર (૫)
(૭) મૂલ્ય, દામ, કિંમત, શ્રેષ્ઠતા (૩)
(૯) સાફો, પાઘડી, ફેંટો (૨)
(૧૦) માણસ, માનવી, વ્યક્તિ (૩)
(૧૨) કબર, સ્મારક, ઘોર, કબ્ર (૩)
(૧૪) શંકા, સંદેહ, વહેમ (૨)
(૧૫) ભીનું, ભેજવાળું, મુલાયમ (૨)
(૧૬) જનતા, પ્રજા, રૈયત (૩)
(૧૭) પ્રાત:કાળ, પ્રભાત, સવાર (૩)
(૧૮) ઝવેરાત, આંખની કીકી (૩)
(૨૦) લાગણી, આસક્તિ, સંબંધ (૩)
(૨૩) પ્રવાહ, વહેણ, ગતિ, ઝડપ (૩)
(૨૪) બીમારી, રોગ, નોકર, દાસ (૨)
(૨૫) સમાન, સરખું, તુલ્ય, યોગ્ય (૪)
(૨૬) પાણીદાર, ચમકદાર, ધારદાર (૪)
(૨૭) નિશાન, ડાઘો, લાંછન, કલંક (૨)
(૨૯) ખુદા તઆલા, ન્યાયી રાજા, ઈલાજ (૩)
(૩૧) થાપણ, કોઈને કોઈ વસ્તુ સોંપવી (૪)
(૩૨) વંશ, સંબંધી, સ્વજન, કુલીન (૪)

## ઊભી ચાવીઓ

(૧) અપવિત્રતા, અશુદ્ધિ, નાપાકી (૪)
(૨) લીટી, રેખા, આંકો, કતાર (૩)
(૪) ઉપદ્રવ, કનડગત, આફત, બળવો (૩)
(૫) રોગમુક્તિ, સ્વાસ્થ્ય, તંદુરસ્તી (૨)
(૬) વિશ્વાસઘાતી, હરામી, કૃતઘ્ન (૬)
(૮) પગનું તળિયું, પગના પંજાનો ભાગ (૩)
(૧૧) અગ્નિકણ, ચિનગારી (૩)
(૧૩) ગર્ભ, ભ્રૂણ, અવિકસિત બાળક (૩)
(૧૪) રાત્રી, રાત, મૃતદેહ (૨)
(૧૬) નૂરનું બહુવચન, રોશનીઓ, ચમક (૪)
(૧૭) અચેત, નિશ્ચેષ્ટ, બેહોશ, બેખબર (૨)
(૧૯) ભીંજાયેલું, ભીનું, તરબોળ (૫)
(૨૧) ક્રોધ, ગુસ્સો, પ્રકોપ, મુસીબત (૩)
(૨૨) સાવચેત, સચેત, સાવધાન (૫)
(૨૪) ઈચ્છા, ઉત્કંઠા, અભિલાષા (૪)
(૨૬) અગ્નિ, આતશ, તાપ, ભડકો (૨)
(૨૭) પાલવ, સાડી કે પહેરણનો છેડો (૩)
(૨૮) વધ, હત્યા, ખૂન, ખૂનરેજી (૩)
(૩૦) આકાશવાણી, દિવ્યવાણી (૨)
(૩૧) નેઝાની કે બરછીની અણી (૨)

તંત્રી લેખ

# કુરઆનમાં ઉલ્લેખ થયેલાં જાનવરો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

### (૧) કીડી – Ant – اَلنَّمْلُ

એક વાર, નબી સુલયમાન (અ.) પોતાના પ્રચંડ લશ્કરની સાથે આગેકૂચ કરી રહ્યા હતા, ત્યારે તેઓ એક ખીણમાં દાખલ થયા કે જ્યાં હજારોની સંખ્યામાં કીડીઓ રહેતી હતી. નબી સુલયમાન (અ.) પ્રાણીઓની ભાષા સમજી શકતા હતા, તેથી જ્યારે તેમણે કીડીઓની રાણીને પોતપોતાના દરમાં ચાલી જવાની ચેતવણી આપતી સાંભળી, તો તેમણે પોતાના લશ્કરને ત્યાં સુધી થંભી જવાનો હુકમ આપ્યો કે જ્યાં સુધી કીડીઓ સલામત સ્થળે પહોંચી ન જાય.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

حَتّٰۤى اِذَاۤ اَتَوۡا عَلٰى وَادِ النَّمۡلِ ۙ قَالَتۡ نَمۡلَةٌ يّٰۤاَيُّهَا النَّمۡلُ ادۡخُلُوۡا مَسٰكِنَكُمۡ‌ ۚ لَا يَحۡطِمَنَّكُمۡ سُلَيۡمٰنُ وَجُنُوۡدُهٗ ۙ وَهُمۡ لَا يَشۡعُرُوۡنَ ۝١٨

*(અહીં સુધી કે જ્યારે તેઓ (એક દિવસે) કીડીઓની ખીણમાં પહોંચ્યા, ત્યારે એક કીડીએ કહ્યું, "અય કીડીઓ! તમે તમારા દરોમાં ઘૂસી જાઓ, ક્યાંક એમ ન થાય કે સુલયમાન તથા તેનું લશ્કર તમને કચડી નાખે, અને તેમને (તેની) જરા પણ જાણ થવા ન પામે.")*

(સૂરા નમ્લ, આયત–૧૮)

### (૨) પૂંછડી વગરના વાંદરા – Apes – قِرَدَةٌ

નબી મૂસા (અ.)ના દીનને અનુસરતા માછીમારોને અલ્લાહ તઆલાએ શનિવાર (સબ્બાહ)ના દિવસે માછલીઓ ન પકડવાનો હુકમ કર્યો હતો. કસોટી સ્વરૂપે શનિવારના દિવસે માછલીઓ પકડવાનું સહેલું હતું. માછીમારોએ અલ્લાહના હુકમની નાફરમાની કરી અને તેમને પૂછડી વગરના વાંદરાઓમાં ફેરવી નાખ્યા હતા.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

وَلَقَدۡ عَلِمۡتُمُ الَّذِيۡنَ اعۡتَدَوۡا مِنۡكُمۡ فِى السَّبۡتِ فَقُلۡنَا لَهُمۡ كُوۡنُوۡا قِرَدَةً خٰسِـِٕيۡنَ ۝٦٥

*(અને તમારામાંથી જેઓ સબ્ત (શનિવાર પાળવાના હુકમનું ઉલ્લંઘન કરવા)માં હદ બહાર ગયા (તેમની શી દશા થઈ) તે તમે ચોક્કસપણે જાણી ચૂક્યા છો. આથી અમોએ તેમને કહ્યું કે, "તમે હડધૂત થતા વાંદરા બની જાઓ.")*

(સૂરા બકરા, આયત–૬૫)

### (૩) મધમાખી – Bee – اَلنَّحْلُ

અલ્લાહ તઆલાએ બધા પ્રાણીઓને કેવી રીતે જીવવું તેનું માર્ગદર્શન આપ્યું છે. માણસો તરફ તેણે

નબીઓને મોકલ્યા, અને પ્રાણીઓને તેણે તેમની જન્મજાત સહજવૃત્તિ દ્વારા માર્ગદર્શન આપ્યું છે.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

وَاَوْحٰی رَبُّكَ اِلَی النَّحْلِ اَنِ اتَّخِذِیْ مِنَ الْجِبَالِ بُیُوْتًا وَّمِنَ الشَّجَرِ وَمِمَّا یَعْرِشُوْنَ ﴿٦٨﴾

*(અને તારા પરવરદિગારે મધમાખીને સુઝાડી દીધું કે તું પહાડોમાં તથા વૃક્ષોમાં અને તે (લોકો) જે ઊંચી ઊંચી ઈમારતો બાંધે છે, તેમાં ઘર (મધપૂડા) બનાવી લે.)*

(સૂરા નહલ, આયત–૬૮)

### (૪) ઊંટ – Camel – اَلْاِبِلُ

ઊંટ એક અદ્ભુત પ્રાણી છે. તે "રણના વહાણ" તરીકે ઓળખાય છે, કારણ કે તેના પગની નીચે એક ખાસ પ્રકારની ગાદી હોય છે, જે તેના પગોને રેતીમાં ડૂબી જતા બચાવે છે, અને છૂટી રેતી ઉપર ઝડપથી ચાલવા દે છે. તે લાંબા અંતર સુધી પાણી વગર મુસાફરી કરવા માટે શકિતમાન હોય છે, અને પોતાની પીઠ પર આવેલી ખૂંધમાં પાણીનો સંગ્રહ કરે છે. તે માણસોને અને માલસામાનને ઊંચકીને લઈ જવા માટે પૂરતું સક્ષમ હોય છે અને પોતાના શરીરથી સવારને રણમાં આવતા તોફાનથી રક્ષણ આપે છે.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

اَفَلَا یَنْظُرُوْنَ اِلَی الْاِبِلِ كَیْفَ خُلِقَتْ ﴿١٧﴾

*(તો શું તેઓ ઊંટ તરફ નથી જોતા કે તે કેવી રીતે પેદા કરવામાં આવ્યો છે?)*

(સૂરા ગાશિયા, આયત–૧૭)

### (૫) ગાય – Cow – اَلْبَقَرَةُ

અલ્લાહ તઆલાએ નબી મૂસા (અ.) ના લોકોને એક કસોટી તરીકે એક ગાયની કુરબાની કરવાનો હુકમ આપ્યો હતો. લોકોને તેનું આજ્ઞાપાલન કરવાની ઈચ્છા ન હતી, તેથી કુરબાની માટે કેવા પ્રકારની ગાયની જરૂર છે તે અંગેની માહિતી માટે મૂસા (અ.)ને પ્રશ્નો પૂછવાનું ચાલુ રાખ્યું હતું.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

قَالَ اِنَّهٗ یَقُوْلُ اِنَّهَا بَقَرَةٌ لَّا ذَلُوْلٌ تُثِیْرُ الْاَرْضَ وَلَا تَسْقِی الْحَرْثَ ۚ مُسَلَّمَةٌ لَّا شِیَةَ فِیْهَا ؕ قَالُوا الْـٰٔنَ جِئْتَ بِالْحَقِّ ؕ فَذَبَحُوْهَا وَمَا كَادُوْا یَفْعَلُوْنَ ﴿٧١﴾

*(તો (મૂસા (અ.)એ) ફરમાવ્યું, "અલ્લાહ ફરમાવે છે કે તે ગાય એવી છે, કે જે ન તો મહેનત કરીને જમીનને ખેડનારી છે, કે ન તો ખેતીને પાણી પિવડાવનારી છે. તે ગાય તંદુરસ્ત છે કે જેની અંદર કોઈ એબ નથી." તો તેઓ કહેવા લાગ્યા, "હવે આપે સ્પષ્ટ વાત કરી." પછી તેમણે તે ગાયને ઝુબ્હ કરી તો દીધી, પરંતુ એવું નહોતું લાગતું કે તેઓ આવું કરશે.)*

(સૂરા બકરા, આયત–૭૧)

### (૬) કાગડો – Crow – غُرَابٌ

હઝરત આદમ (અ.)ના બન્ને દીકરા હઝરત હાબીલ (અ.)એ અને કાબીલે અલ્લાહ તઆલાની બારગાહમાં પોતપોતાની કુરબાનીઓ રજૂ કરી. ફક્ત હઝરત હાબીલ (અ.)ની જ કુરબાનીનો સ્વીકાર થયો, તેથી તેમનો ભાઈ કાબીલ તેમના પ્રત્યે એટલો બધો ઈર્ષાળુ બની ગયો કે તેણે હઝરત હાબીલ (અ.)નું ખૂન કરી નાખ્યું. આવું દુષ્ટ કાર્ય કરી નાખ્યા પછી તેને ખબર ન પડી કે પોતાના ભાઈની લાશનું શું કરવું.

આ સંદર્ભમાં કુરઆને પાક ફરમાવે છે:

فَبَعَثَ اللّٰهُ غُرَابًا يَّبۡحَثُ فِى الۡاَرۡضِ لِيُرِيَهٗ كَيۡفَ
يُوَارِىۡ سَوۡءَةَ اَخِيۡهِ‌ ؕ قَالَ يٰوَيۡلَتٰٓى اَعَجَزۡتُ اَنۡ
اَكُوۡنَ مِثۡلَ هٰذَا الۡغُرَابِ فَاُوَارِىَ سَوۡءَةَ اَخِىۡ‌ ۚ
فَاَصۡبَحَ مِنَ النّٰدِمِيۡنَ ۛ‌ۚ ﴿۳۱﴾

*(પછી અલ્લાહે એક કાગડાને મોકલ્યો જે જમીન ખોતરવા લાગ્યો એ માટે કે તેને દેખાડે કે તે પોતાના ભાઈની અવદશા (લાશ)ને કેવી રીતે છુપાવે. (એ જોઈને કાબીલ) કહેવા લાગ્યો, "હાય ખરાબી મારી! શું હું આ કાગડા જેવો થવાને પણ અશક્ત છું કે મારા ભાઈની અવદશા (લાશ)ને સંતાડી પણ ન શકું!" સારાંશ એ કે તે પસ્તાવો કરનારા માંહેનો થઈ ગયો.)*

(સૂરા માએદા, આયત–૩૧)

(ક્રમશ:)






ન્યુ ડીસન્ટ
પ્લાયવુડ & હાર્ડવેર
WPC Digital Veneer Door
WPC ડોર I WPC ફ્રેમ I WPC સીટ
A BRAND BY : PRAVESH DOOR PVT. LTD.
SALMON
Termite & Borrer proof
100% Waterproof
Fire Retardant
WPC Digital Veneer Door
WPC Grooving Hot Stamping Door
અમારે ત્યાં... રીટેલ તથા હોલસેલ
પ્લાયવુડ
ફ્લશ ડોર
હાર્ડવેર
ડબ્લુ. પી. સી.
MDF શીટ
વગેર મળશે
તો આજે જ પધારો...
શોપ નં.2, અક્ષર એવન્યુ, હનુમાનજી મંદિર સામે, માર્કેડ યાર્ડની પાસે, ઇડર.
Mo. 94298 01535 73966 87312 9247313570




Sparkwell
The Heart of every Kitchen.
ગેસના ભાવ વધારાથી હવે મેળવો છુટકારો
લઇ આવો નવા જમાનાની ઇલેક્ટ્રિક
Sparkwell Hot Plate
ઇન્ડક્શન | Sparkwell
કાચનું મેઇન્ટેનન્સ | હેવી કાસ્ટીંગ પ્લેટ
2000W પાવર (પ્રતિ કલાક 2 યુનિટ) | 1000W પાવર (પ્રતિ કલાક 1 યુનિટ)
15 AMP પ્લગ | 6 AMP પ્લગ
વજન કેપેસીટી - 5 kg | વજન કેપેસીટી - 50 kg
અલગથી વાસણ લેવા પડે | ઘરના દરેક ફ્લેટ બૅઝ વાસણ ચાલે
કાચ ઉપર રોટલી બનતી નથી | પ્લેટ ઉપર ડાયરેક્ટ રોટલી બનાવી શકાય
PVC બોડી | પાવડર કોટેડ હેવી બોડી
FREE
રસોડાની શાન
9428923123
sparkwellappliances@gmail.com
www.sparkwellappliances.com
ઈલોલ, હિંમતનગર, સાબરકાંઠા- 383220



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## મુનાફિકોની ટેવો અને કવિઓ વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

كَمَثَلِ الشَّيْطٰنِ اِذْ قَالَ لِلْاِنْسَانِ اكْفُرْ ۚ فَلَمَّا كَفَرَ قَالَ اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكَ اِنِّيْٓ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِيْنَ ﴿١٦﴾

❁ અથવા તે (દાંભિકો)નો દાખલો શયતાનના જેવો છે કે જે ઇન્સાનને કહે છે કે તું નાસ્તિક થઈ જા, પછી જ્યારે તે નાસ્તિક બની જાય છે ત્યારે તે કહે છે કે ખચીત જ હું તારાથી બેઝાર છું; બેશક, હું સઘળી દુનિયાના પરવરદિગાર અલ્લાહથી બીવું છું.

**(સૂરા હશ્ર, આયત-૧૬)**

## અલ્લાહનાં વખાણ પોતાની ભાષામાં

مَا نَنْسَخْ مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا ۗ اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿١٠٦﴾

❁ અમે કોઈ આયતને રદ કરતા નથી અથવા વિસરાવી દેતા નથી, જ્યાં સુધી કે તેનાથી વધારે સારી અથવા તેના જ જેવી બીજી એક (આયત) ઉતારીએ; શું તને ખબર નથી કે અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે?

**(સૂરા બકરા, આયત-૧૦૬)**

---

صِبْغَةَ اللّٰهِ ۚ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ صِبْغَةً ۫ وَّنَحْنُ لَهٗ عٰبِدُوْنَ ﴿١٣٨﴾

❁ (અમે અલ્લાહના રંગમાં રંગાયેલા છીએ અને) આ અલ્લાહનો રંગ છે, અને અલ્લાહના રંગ કરતાંય વધારે ચોખ્ખો રંગ તે કોનો હશે?[1] અને અમે

1 ખ્રિસ્તીઓમાં આ રિવાજ હતો કે જ્યારે તેઓ કોઈને

તેની જ ઈબાદત કરનારા છીએ.

**(સૂરા બકરા, આયત–૧૩૮)**

---

وَاِذَا سَاَلَكَ عِبَادِىْ عَنِّىْ فَاِنِّىْ قَرِيْبٌ ؕ اُجِيْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ ۙ فَلْيَسْتَجِيْبُوْا لِىْ وَلْيُؤْمِنُوْا بِىْ لَعَلَّهُمْ يَرْشُدُوْنَ ﴿١٨٦﴾

❁ અને જો મારો (કોઈ) બંદો તને મારા વિષે પૂછે (કે હું કયાં છું?) તો (કહે કે) ખચીત જ હું (તેની) પાસે જ છું; આજીજીથી પોકારનારાઓ (દુઆ કરનારાઓ) જ્યારે પણ મને પોકારે છે ત્યારે હું (તરત જ) તેમને જવાબ આપું છું, માટે તે લોકોને જોઈએ કે (તેઓ પણ) મારી આજ્ઞાઓ માને તથા મારા પર ઈમાન લાવે કે જેથી તેઓ સન્માર્ગને પામે.

**(સૂરા બકરા, આયત–૧૮૬)**

---

...وَلَوْ لَا دَفْعُ اللّٰهِ النَّاسَ بَعْضَهُمْ بِبَعْضٍ ۙ لَّفَسَدَتِ الْاَرْضُ وَلٰكِنَّ اللّٰهَ ذُوْ فَضْلٍ عَلَى الْعٰلَمِيْنَ ﴿٢٥١﴾

❁ ...અને જો અલ્લાહ કેટલાક માણસો (ના ફિત્ના)ને કેટલાકો દ્વારા દફે કરતો ન રહે, તો ખરે જ સઘળી ભૂમિ પર ફિત્નો પ્રસરી જાય, પરંતુ અલ્લાહ સર્વે દુનિયાવાળાઓ ઉપર કૃપાળુ છે.

**(સૂરા બકરા, આયત–૨૫૧)**

---

يُّؤْتِى الْحِكْمَةَ مَنْ يَّشَآءُ ۚ وَمَنْ يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِىَ خَيْرًا كَثِيْرًا ؕ وَمَا يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ ﴿٢٦٩﴾

❁ તે જેને ચાહે છે હિકમત (સદ્‌બુદ્ધિ) આપે છે, અને જેને (અલ્લાહ તરફથી) હિકમત અર્પવામાં આવી, તો ખરે જ તેને ખૂબીઓની મહાન દોલત આપવામાં આવી. અને બુદ્ધિશાળીઓ સિવાય અન્ય કોઈ બોધ ગ્રહણ કરતું નથી.

**(સૂરા બકરા, આયત–૨૬૯)**

---

પોતાના ધર્મમાં લેતા ત્યારે પીળા રંગનું પાણી તેના શરીર ઉપર છાંટતા (બેપ્ટીઝમ આપતા) હતા, તેથી અલ્લાહે તેના રદિયામાં આ આયત ઉતારી.

# ગુરરુલ હિકમ

غرر الحکم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઇમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી



## કિન્નાખોર

| | |
|---|---|
| ૧. કિન્નાખોર માટે કોઈ ભાઈચારો નથી. | ١۔ لَيْسَ لِحَقُوْدٍ اُخُوَّةٌ |
| ૨. જેની કિન્નાખોરી વધી જાય છે, તેની નસીહતો ઓછી થઈ જાય છે. | ٢۔ مَنْ كَثُرَ حِقْدُهٗ قَلَّ عِتَابُهٗ |
| ૩. જે કિન્નાખોરી વાવે છે, તે દુઃખ અને દર્દ લણે છે. | ٣۔ مَنْ زَرَعَ الْاِحَنَ حَصَدَ الْمِحَنَ |
| ૪. કિન્નાખોરનું જીવન કેટલું બધું દયનીય છે! | ۴۔ مَآ اَنْكَدَ عَيْشَ الْحَقُوْدِ |
| ૫. કોઈ પણ કિન્નાખોર માટે મોહબ્બત નથી. | ۵۔ لَا مَوَدَّةَ لِحَقُوْدٍ |
| ૬. કિન્નાખોરની જાત હંમેશાં અઝાબમાં રહે છે, અને તેનું દુઃખ વધારે હોય છે. | ٦۔ اَلْحَقُوْدُ مُعَذَّبُ النَّفْسِ مُتَضَاعِفُ الْهَمِّ |
| ૭. કિન્નાખોર માટે કોઈ આરામ નથી. | ۷۔ اَلْحَقُوْدُ لَا رَاحَةَ لَهٗ |

## સચ્ચાઈ

| | |
|---|---|
| ૧. સચ્ચાઈ તેજ તલવાર છે. | ١۔ اَلْحَقُّ سَيْفٌ قَاطِعٌ |
| ૨. સચ્ચાઈ ઉત્તમ માર્ગ છે. | ٢۔ اَلْحَقُّ اَفْضَلُ سَبِيْلٍ |
| ૩. સચ્ચાઈ સૌથી વધારે શક્તિશાળી પીઠબળ છે. | ٣۔ اَلْحَقُّ اَقْوٰى ظَهِيْرٍ |
| ૪. સચ્ચાઈ સૌથી સ્પષ્ટ માર્ગ છે. | ۴۔ اَلْحَقُّ اَوْضَحُ سَبِيْلٍ |
| ૫. સચ્ચાઈ સૌથી વધારે અનુસરવાને લાયક છે. | ۵۔ اَلْحَقُّ اَحَقُّ اَنْ يُّتَّبَعَ |
| ૬. સચ્ચાઈ સ્થાપિત કરવા માટે એકબીજાની મદદ | ٦۔ اَلتَّعَاوُنُ عَلٰٓى اِقَامَةِ الْحَقِّ اَمَانَةٌ وَّدِيَانَةٌ |

કરવી એ ઈમાન અને વિશ્વાસપાત્રતાની નિશાની છે.

٧- اَلْحَقُّ سَيْفٌ عَلٰى اَهْلِ الْبَاطِلِ

૭. સચ્ચાઈ એ જુઠ્ઠાણા પર ચાલનાર લોકો માટે તલવાર છે.

٨- اَلْحَقُّ مَنْجَاةٌ لِّكُلِّ عَامِلٍ (وَّحُجَّةٌ لِّكُلِّ قَآئِلٍ)

૮. સચ્ચાઈ દરેક અમલ કરનાર માટે નજાતનું કારણ છે. (અને દરેક બોલનાર માટે દલીલ છે.)

٩- بِالْحَقِّ يَسْتَظْهِرُ الْمُحْتَجُّ

૯. દલીલો કરનાર સચ્ચાઈ દ્વારા પીઠબળ મેળવે છે.

١٠- بِالْعُدُوْلِ عَنِ الْحَقِّ تَكُوْنُ الضَّلَالَةُ

૧૦. સચ્ચાઈની અવગણના કરવાથી ગુમરાહી આવે છે.

١١- بِلُزُوْمِ الْحَقِّ يَحْصُلُ الْاِسْتِظْهَارُ

૧૧. સચ્ચાઈથી સંકળાયેલા રહેવાથી પીઠબળ મળે છે.

١٢- حَقٌّ وَّبَاطِلٌ، وَّلِكُلٍّ اَهْلٌ

૧૨. દુનિયામાં હક અને બાતિલ બન્ને છે, અને બન્નેના અનુયાયીઓ મળી આવે છે.

١٣- حَقٌّ يَّضُرُّ خَيْرٌ مِّنْ بَاطِلٍ يَّسُرُّ

૧૩. દુ:ખી કરનાર સચ્ચાઈ એવા જુઠ્ઠાણાથી બહેતર છે કે જે રાજી કરે છે.

١٤- خُضِ الْغَمَرَاتِ اِلَى الْحَقِّ حَيْثُ كَانَ

૧૪. સચ્ચાઈ જ્યાં પણ હોય, તેની તરફ પહોંચવા માટે મુશ્કેલીઓમાં કૂદી પડો.

١٥- رَحِمَ اللّٰهُ رَجُلًا رَّاٰى حَقًّا فَاَعَانَ عَلَيْهِ، وَرَاٰى جَوْرًا فَرَدَّهٗ وَكَانَ عَوْنًا بِالْحَقِّ عَلٰى صَاحِبِهٖ

૧૫. અલ્લાહ રહમ કરે તે માણસ પર કે જે સચ્ચાઈને જોઈને તેને ટેકો આપે છે, અને અન્યાયને જોઈને તેને નાપસંદ કરે છે અને સચ્ચાઈ વડે તેના સાથીઓની મદદ કરે છે.

١٦- رَحِمَ اللّٰهُ امْرَءًا اَحْيٰى حَقًّا، وَّاَمَاتَ بَاطِلًا، وَّاَدْحَضَ الْجَوْرَ، وَاَقَامَ الْعَدْلَ

૧૬. અલ્લાહ રહમ કરે તે માણસ પર કે જે સચ્ચાઈને જીવંત કરે છે, અને જુઠ્ઠાણાને નષ્ટ કરે છે અને અન્યાયનો વિરોધ કરીને ન્યાય સ્થાપિત કરે છે.

١٧- رَاْسُ الْحِكْمَةِ لُزُوْمُ الْحَقِّ، وَطَاعَةُ الْمُحِقِّ

૧૭. બુદ્ધિની પરાકાષ્ઠા સચ્ચાઈને વળગી રહેવું તે છે, અને સચ્ચાઈ માટે ઊભા રહેનારની તાબેદારી કરવી તે છે.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

نهج الاسرار

# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

(ગતાંકનું ચાલુ)

**મોહંમદ ઈબ્ને અબી બક્રના નામે કાર્યપદ્ધતિ, મુલ્કની વ્યવસ્થા અને કર્તવ્યોના બાબતે**

અય અલ્લાહના બંદાઓ! મોતથી અને તેની સખ્તીથી ચેતી જાઓ; અને એના માટે રસ્તાનું ભાથું ભેગું કરી લો, કેમ કે તે અચાનક તમારા પર આવી જવાનું છે, તે કાં તો એવા ખૈર (ભલાઈ)ની સાથે આવશે કે જેમાં કોઈ શર (બુરાઈ) નહીં હોય અથવા એવા શરની સાથે આવશે જેમાં તાઅબદ કોઈ ખૈર નહીં હોય. તો કોણ છે જન્નતની સૌથી નજીક, સિવાય કે જે આ મામલામાં મહેનત કરતા રહે છે? તો કોણ છે જહન્નમની સૌથી નજીક, સિવાય કે જે તેને અનુરૂપ અમલ કરતો રહે છે?

કોઈ પણ વ્યક્તિની રૂહ ત્યાં સુધી કબ્ઝ કરવામાં નહીં આવે, જ્યાં સુધી તેને એ ખબર ન પડી જાય કે બન્ને મંઝિલોમાં તેનું સ્થાન કયાં છે, જન્નતમાં કે જહન્નમમાં? વળી ઈન્સાનને એ પણ ખબર પડી જાય છે કે તે અલ્લાહનો દોસ્ત છે કે દુશ્મન? જો તે (અલ્લાહનો) દોસ્ત હોય, તો તો તેના માટે જન્નતના દરવાજા ખોલી નાખવામાં આવે છે, અને જન્નતનો રસ્તો તેના માટે સરળ કરી દેવામાં આવે છે, એટલે સુધી કે જે કંઈ અલ્લાહ અઝ્ઝ વ જલ્લે પોતાના દોસ્તો માટે તૈયાર કરી રાખ્યું છે, તેને તે જોઈ લે છે. તેને ન કોઈ દુ:ખ હોય છે કે ન ચિંતા. તે દરેક કાર્યથી મુકત થઈ જાય છે અને તેનો બધો બોજો ઉતારી લેવામાં આવે છે, અને જો તે અલ્લાહનો દુશ્મન હોય તો તેના માટે જહન્નમના દરવાજા ખોલી દેવામાં આવે છે અને જહન્નમના રસ્તા ઉઘાડા પાડી દેવામાં આવે છે, અને તેને જહન્નમમાં ગુજરનારી યાતનાઓ દૃષ્ટિગોચર કરાવવામાં આવે છે. તેને સુખચેન અને સંતોષથી દૂર દૂર સુધી કોઈ લેવાદેવા નહીં હોય.

આ બધું મોતના સમયે થાય છે, અને એ વખતે યકીન જ હશે. જેવું કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ

ફરમાવે છે, "જેમની રૂહ ફરિશ્તાઓ પાકોપાકીઝા હાલતમાં કબ્ઝ કરશે અને કહેતા હશે, "તમારા પર સલામ થાય, જે આમાલ તમે કર્યા કરતા હતા તેના બદલામાં જન્નતમાં દાખલ થઈ જાઓ.""

(સૂરા નહલ, આયત–૩૨)

અને તે ફરમાવે છે, "જ્યારે ફરિશ્તાઓ રૂહ કબ્ઝ કરશે, ત્યારે પોતાના ઉપર ઝુલ્મ કરતા હતા, તેઓ તસ્લીમ થતાં કહેશે, "અમો કોઈ બુરાઈ કરતા ન હતા." (ફરિશ્તાઓ કહેશે) "બેશક અલ્લાહ જાણે છે કે જે કાંઈ તમે કરતા હતા. માટે તમે જહન્નમના દરવાજાઓમાં દાખલ થાઓ કે હંમેશાં તેમાં રહેશો, ખરે જ તકબ્બુર કરનારાઓનું ખરાબ રહેઠાણ છે."

(સૂરા નહલ, આયત–૨૮ અને ૨૯)

અય અલ્લાહના બંદાઓ! સમજી લો કે કોઈને મોતથી છુટકારો શક્ય નથી, તે આવી પડે તે પહેલાં એનાથી સજાગ થઈ જાઓ અને તેના માટે ભાથું તૈયાર કરી લો. એમાં કોઈ શક નથી, કે જો મોત તમને પોકારી રહી હશે, અને જો તમે ઊભા હશો, તો તે તમને મેળવી લેશે અને જો તમે (તેનાથી) નાસવાની કોશિશ કરશો તોય તે તમને પકડી લેશે. તે તમારા પડછાયા કરતાંય વધારે તમારી સાથે વળગેલી છે. તે તમારી તકદીર સાથે જોડાયેલી છે અને દુનિયા તમારી પાછળ પાછળ લપેટાઈ રહી છે. તમે એ વખતે મોતને વધારે યાદ કરો, જ્યારે તમારો નફ્સ દુનિયાની ખ્વાહિશોમાંથી કોઈ વસ્તુ માટે આગ્રહ કરે, કેમ કે મોત જ નસીહત કરવા માટે કાફી છે, એટલા માટે કે તે લિજ્જતોનો નાશ કરવાવાળી છે. રસૂલલ્લાહ (સ.) સહાબીઓને કહેતા રહેતા હતા કે, "મોતને યાદ કરતા રહો, કેમ કે તે લિજ્જતોનો નાશ કરનારી અને તમારા અને તમારી નફ્સાની ખ્વાહિશોની વચ્ચે આડ બનનારી છે."

અય અલ્લાહના બંદાઓ! જાણી લો કે મોત પછીની મંઝિલ જે કબ્ર છે, તે મોત કરતાંય વધારે સખ્ત છે, પરંતુ એ એના માટે કે અલ્લાહ જેની મગ્ફેરત ન કરે અને જેના પર તે રહમ ન કરે. કબ્ર, તેના ફિશાર (દબાણ), તેની તંગી, તેના અંધકાર, અને ત્યાં પડનારી એકલતાથી ડરતા રહો. કબ્ર દરરોજ સાદ પાડ્યા કરે છે કે, "હું માટીનું ઘર છું, હું એકલતાની જગ્યા છું, હું અંધારી જગ્યા છું, અને હું જીવજંતુઓ અને પરોપજીવી પ્રાણીઓનો વસવાટ છું." તેથી, કબ્ર કાં તો જન્નતના બાગોમાંથી એક બાગ છે અથવા જહન્નમની આગની ખંદકોમાંથી એક ખંદક છે.

જ્યારે કોઈ મુસલમાનને દફનાવવામાં આવે છે, તો જમીન કહે છે કે, "તમારું આગમન મુબારક થાય." અને કહે છે કે, "તું એ લોકોમાંથી હતો, જેમને હું ઇચ્છતી હતી કે મારી પીઠ ઉપર ચાલે અને હવે જ્યારે તું મારા બસમાં છે, તો જોઈ લે કે હું તારી સાથે કેવો વ્યવહાર કરું છું." એની સાથે જ મરનારની નજર પહોંચે, ત્યાં સુધી તે ફેલાઈ જાય

છે. અને જ્યારે કોઈ કાફિર દફન થાય છે, તો એને જમીન કહે છે કે, "તારું આગમન મુબારક નથી. તું એ લોકોમાં હતો કે જેમને હું પસંદ નહોતી કરતી કે મારી પીઠ ઉપર ચાલે, અને હવે કે જ્યારે હું તારા ઉપર છવાઈ ગઈ છું, ત્યારે તને ખબર પડી જશે કે હું તારી સાથે કેવો વ્યવહાર કરું છું." આટલું કહીને એ એના ઉપર એટલું બધું દબાણ કરશે કે તેની બન્ને પાંસળીઓ દબીને એકબીજાને અડકી જશે, કે જેના વિષે અલ્લાહે ફરમાવ્યું છે કે, "ખરેખર તેની જિંદગી તંગ થઈ જશે." (સૂરા તાહા, આયત–૧૨૪)

તે કબ્ર (માં મળનારી સજા) આ જ છે. ત્યાં અલ્લાહ કાફિરને નવ્વાણું પાંખો અને નહોરવાળાં ડરામણાં જાનવરોને હવાલે કરી દેશે, જે તેના શરીરનાં ચીંથરાં ઉડાડીને માંસ ખાઈ જશે અને તેનાં હાડકાંનો ભુકકો કરી નાખશે, અને કયામતના દિવસ સુધી તેના પર આ અઝાબ વારેઘડીએ ગુજારતાં જ રહેશે. જો તેમાંનું એક જાનવર પણ પૃથ્વીની સપાટી પર ફૂંક પણ મારતું, તો તેમાંથી અન્નનો દાણોય ન ઊગતો.

અને અય અલ્લાહના બંદાઓ! તમારાં નાજુક શરીર અને કમજોર નફસ, કે જેને નાની અમથી અગવડ પણ નુકસાન પહોંચાડવા માટે કાફી છે, તે આ બલાથી પારાવાર તકલીફમાં હશે, તેથી તમે તમારાં નાજુક શરીર અને કમજોર નફસ પર રહમ કરો, અને જે સહન કરવું તેમના બસમાં નથી તેવા અઝાબમાં તેમને ન સપડાવો. માટે એવા અમલ બજાવી લાવો કે જે અલ્લાહ તઆલાને પસંદ હોય, અને જે અમલ તેને પસંદ ન હોય, તેને છોડી દો.

અય અલ્લાહના બંદાઓ! સમજી લો કે કબ્રમાંથી પાછા ઊભા થવાનો સમય, (એટલે કે સૂર ફૂંકાય તે સમય) તો કબ્ર કરતાંય પણ વધારે સખ્ત છે. તે એવો દિવસ હશે કે તેની ભયંકરતાથી યુવાનો વૃદ્ધ થઈ જશે અને વૃદ્ધ ચકચૂર થઈ જશે, હમલ સાકિત થઈ જશે અને દૂધ પિવડાવનારી સ્ત્રીઓ પોતાનાં બાળકોથી ગાફિલ થઈ જશે, તેથી તમે આવા ગમનાક અને સખ્ત દિવસથી ડરો કે જેમાં શર (હાહાકાર)ની ચિનગારીઓ ઊડી રહી હશે. જાણી લો કે એ દિવસના શર અને ખોફની પરિસ્થિતિ એવી હશે કે ફરિશ્તાઓ પણ કે જેમના માથે કોઈ ગુનાહ નહીં હોય, ભયગ્રસ્ત બની જશે. સાતેય મજબૂત આસમાન અને જમીન તથા ફેલાયેલા પહાડો અને પથરાયેલી જમીનો એ બધાંય ગભરાયેલાં હશે અને ધ્રૂજતાં હશે અને આસમાન ચિરાઈને ફાટી જશે અને તેના ટુકડેટુકડા થઈ જશે અને તે આથમતા સૂર્ય જેવું લાલચોળ થઈ જશે. પહાડ કે જે કડક અને સખ્ત હતા, તે તૂટી તૂટીને બારીક રેતી જેવા બની જશે. અલ્લાહ ફરમાવે છે, "જ્યારે સૂર ફૂંકવામાં આવશે, તો જે કંઈ આસમાન અને જમીનમાં છે, તે વ્યાકુળ થઈ જશે સિવાય એના કે જેને અલ્લાહ ઈચ્છે."

(સૂરા ઝુમર, આયત–૬૮)

તેથી એની કેવી હાલત હશે કે જેણે કાન, આંખ, જીભ, હાથ, પગ, શર્મગાહ અને પેટથી ગુનાહ કર્યા હશે, જો અલ્લાહ તઆલા તેને માફ ન કરે અને તેના પર રહમ ન કરે તો? એ આગથી ડરો કે જેની ઊંડાઈ ખૂબ જ વધારે છે અને જેની ગરમી ખૂબ જ તીવ્ર છે, જેમાં નવા નવા અઝાબ છે. માથા ઉપર લોખંડના ગુરજા લગાવવામાં આવશે અને પીવા માટે પરું મળશે. ન તો આ અઝાબ ખતમ થશે અને ન તો તેમાં સપડાયેલો મોત પામશે. તે એવું ઘર હશે કે જે રહમતે ખુદાથી બિલકુલ ખાલી હશે અને ત્યાં કોઈની દુઆઓને સાંભળવામાં આવશે નહીં.

અય અલ્લાહના બંદાઓ! જાણી લો કે એની સાથે ને સાથે અલ્લાહની રહમત દરેક વસ્તુ પર છવાયેલી હશે. ત્યાં જન્નત એટલી વિશાળ હશે કે જમીનો અને આસમાનો સુધી તે ફેલાયેલી હશે. ત્યાં એવી ખૈર હશે કે જ્યાં તાઅબદ કદી પણ શર નહીં આવે. એવી ખ્વાહિશો કે જે અબદ સુધી સમાપ્ત નહીં થાય અને એવી લિજ્જતો કે જેમનો કદી નાશ નહીં થાય, અને એવો જનસમૂહ કે જે કદી વિખરાઈ નહીં જાય, ત્યાં એવા લોકો હશે કે જેમણે રહમાનની પાડોશને પસંદ કરી હોય, તેમની સામે ગિલ્માન (જન્નતના સેવકો) સોનાના થાળ લઈને ઊભેલા હશે કે જેમાં મેવા અને ફૂલો હશે.


(ક્રમશ:)

નફીસ એન્ટરપ્રાઇઝ

Nafis ENTERPRISE

▶ ઘંઉ, મકાઈ, તુવેર, સોયાબીન સાફ કરી આપવામાં આવશે.

▶ સાફ કરેલા પેકેજીંગ ઘંઉ મળશે.



9998043590 - આબિદઅલી (હરીપુરાવાળા)

9426642972 - અબ્બાસઅલી (હરીપુરાવાળા)

ગુડલક ટ્રેડિંગ કંપની ની બાજુમાં, દેશોત્તર - હિંમતનગર હાઇવે, કિશોરગઢ, ઇડર, સાબરકાંઠા, ગુજરાત 383225



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

## મક્તૂલનામા

● સત ગોર પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૫૬

**સો લશ્કર માંહેં, ઘોડા અનુંને ડાલા,**
**તબ સા'દકે બેટેંકે, પાસ પોંહચે ઉસ હાલા.**

*(અબ્દુલ્લાહ સાહેબે પોતાના ઘોડાને લશ્કરમાં નાખ્યો, ત્યારે આવી હાલતમાં સા'દના બેટાની પાસે પહોંચ્યા.)*

**જા બીસ ને દો આદમી, એકાએક મરાએ,**
**સો સા'દકે બેટેંકે, પાસ રે સુણાએ.**

*(એવું સાંભળ્યું છે કે ઉમર સા'દની પાસે પહોંચતાં પહોંચતાં ઓચિંતા ૨૨ દુશ્મનોને મારી નાખ્યા.)*

**તબ સા'દકા બેટા, ભાગ પીછા રે ફિરીયા,**
**સો ઝાઝે લશ્કર, માંહેં જા મિલીયા.**

*(ત્યારે સા'દનો બેટો દોડીને પાછો ફરી ગયો, અને ખૂબ મોટા લશ્કરમાં જઈને ભળી ગયો.)*

**તબ અબ્દુલ્લાહ ફિર કર, આએ રે મેદાના,**
**આવ મુબારિઝ માંગા, એસા રે જાના.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબ ફરીથી મેદાનમાં આવ્યા, અને એવું જાણવા મળ્યું છે કે આવીને લડવૈયાની માગણી કરી.)*

**પણ મુબારિઝ એક, સામી હુઆ કોઈ નાંહાં,**
**તબ સા'દકે બેટેંકે, ડર આયા દિલ માંહાં.**

*(પરંતુ આ એક યોદ્ધાની સામે કોઈ (લડવૈયો) આવ્યો નહીં, ત્યારે સા'દના બેટાના દિલમાં ડર લાગ્યો.)*

**તબ સા'દકે બેટેને, દેખા લશ્કર સામી,**
**પણ મુબારિઝ કોઈ, હુઆ ના નામી.**

*(ત્યારે સા'દના બેટાએ પોતાના લશ્કરની સામે જોયું, પણ કોઈ મોટો લડવૈયો આવવા તૈયાર થયો નહીં.)*

**તબ લશ્કર સારેકું, ઉને અવાજ રે કિતા,**
**તબ ઈનામ ઈકરામ, કિયા દેના હેં સુણિતા.**

*(ત્યારે તમામ લશ્કરને તેણે અવાજ કર્યો કે જે લડવા જશે તેને ઈજ્જતની સાથે બક્ષિસ આપવામાં આવશે, એવી વાત કરી.)*

**તબ લાલચકે લિતે, એક સુન કર આયા,**
**બુખ્તરી બિન ઉમર, શામી રે કેહલાયા.**

*(ત્યારે આવી લાલચની વાત સાંભળીને એક દુશ્મન રણમેદાનમાં આવ્યો કે જે બુખ્તરી બિન ઉમર શામી કહેવાય છે.)*

**કહ્યા સુન તું બેટે, સા'દ હો કેરે,**
**તું સિપાહીકા દાવા, હેં કરતા સવેરે.**

*(બુખ્તરી કહેવા લાગ્યો કે, અય સા'દના બેટા, તું સાંભળ કે તું પોતાની જાતને તો સિપાહી હોવાનો દાવો કરે છે.)*

**એ જુવાનકી તેગસું, હેં તું પાઉં રે ખિસાતા,**
**તબ સા'દકા બેટા, શરમાયા રે સુણાતા.**

*(અને આ જુવાનની તલવારથી તું તારા પગ કેમ પાછા ખેંચે છે? ત્યારે સા'દનો બેટો શરમાઈ ગયો. એવું સાંભળ્યું છે.)*

**બોત શરમાને જુવાબ, દિયા જીવ હેં પ્યારા,**
**એ સુન સુન મોમિનો, સોચ એતના સવારા.**

*(ઘણી શરમિંદગીથી કહેવા લાગ્યો કે મને મારો જીવ ઘણો વહાલો છે. આ સાંભળીને મોમિનોએ આટલો વિચાર કર્યો.)*

**રેતૂહી**

**મુબારિઝ ના કોઈ હોવડા,**
**અબ્દુલ્લાહકે સંગ રે, અબ્દુલ્લાહકે સંગ;**
**દુરીજાન સબ ધ્રુજાઈએ**
**રણમાં કર બોત જંગ રે, રણમાં કર બોત જંગ.**

*(અબ્દુલ્લાહ સાહેબની સામે કોઈ પણ દુશ્મન લડવૈયો થઈને ન આવ્યો, બધા જ દુશ્મનો લડાઈના મેદાનમાં (અબ્દુલ્લાહ સાહેબનો) જંગ જોઈ ડરવા લાગ્યા.)*

**બયાન નં.૨૫૭**

**બોત સા'દકે બેટેકું, ખિજાલત આઈ,**
**જીવ પ્યારા હેં શરમા, એતી બાત રે બતાઈ.**

*(સા'દના બેટાને ઘણી જ શરમ આવી, અને શરમાઈને કહ્યું કે મને મારો જીવ ઘણો જ વહાલો છે.)*

**તબ બુખ્તરી ફેર કર, કહ્યા ભાગતા જો નાંહાં,**
**તો જીવ ના રેહતા, તેરે તન રે માંહાં.**

*(ત્યારે બુખ્તરીએ ફરીથી કહ્યું કે જો તું ભાગી ગયો ન હોત તો તારા શરીરમાં જીવ રહ્યો ન હોત.)*

**અને રાસ્તી સુખન, તું અબ રે જાને,**
**અને મેરા કહ્યા, તું સચ કર માને.**

*(અને તું આ શબ્દોને સાચા જાણી લે, અને મારું કહેવું તું સાચું માની લે.)*

**તો દેખ એ જુવાનને, લિયા હેં મેદાના,**
**અને મુબારિઝ માંગતા, હેં રે જાના.**

*(તું જો કે એ જુવાને મેદાન પકડેલું છે, અને તે લડવૈયાની માગણી કરી રહ્યા છે.)*

**તો જા તું ઉસકે, સહી રે સામી,**
**અને મુબારિઝ ઉસસું, તું હો રે નામી.**

*(તો તું એમની સામે લડવા જા, અને તું તો તેમના કરતાં ઘણો મોટો નામચીન લડવૈયો છે!)*

**એ બુખ્તરી કા કેહના, ઉસે બુરા રે લગાવા,**
**કે સા'દકે બેટેકું, બોત ગુસ્સા રે ચઢાવા.**

*(બુખ્તરીનું આવું કહેવું તેને ખોટું લાગ્યું, અને સા'દના બેટાને ઘણો ગુસ્સો આવ્યો.)*

**બુખ્તરી એતા, કેહ કર ચલીયા,**
**સો આપસકી ફોજસું, મુંહ રણમાં કરીયા.**

*(બુખ્તરી આટલું કહીને ચાલવા લાગ્યો, અને પોતાના લશ્કર તરફથી તેણે તેનું મોઢું મેદાન તરફ કર્યું.)*

**તબ પાંચસો અસવાર, થે ખાસે રે કહીએ,**
**તબ ઉનુંકું લે નિકલા, રણ માંહીં લહીએ.**

*(ત્યારે ૫૦૦ ઘોડેસવારો કે જે તેના ખાસ કહેવાતા હતા, તેમને લઈને તે લડાઈના મેદાનમાં નીકળ્યો.)*

**સો પાંચસો અસવારસું, આયા રે સામી,**
**જ્યાં થે રે રણમાં, અબ્દુલ્લાહ નામી.**

*(તે ૫૦૦ ઘોડેસવારોની સાથે સામે આવ્યો કે જ્યાં મેદાનમાં મશહૂર અબ્દુલ્લાહ સાહેબ ઊભા હતા.)*

**તબ શહઝાદેકી તરફથી, લોક મદદકું આએ,**
**દેખ અબ્દુલ્લાહ એકલે, એ બેગે રે ધાએ.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબને એકલા જોઈને, ઈમામ હુસૈન (અ.) તરફથી લોકો મદદ માટે એકાએક જલ્દીથી આવી પહોંચ્યા.)*

**વે મોહંમદ ઈબ્ને, અનસ રે કહીએ,**
**ભી અસદ બિન અબ્દ, સહી કર લહીએ.**

*(જે મદદ માટે આવ્યા તે મોહંમદ ઈબ્ને અનસ કહેવાય છે, અને અસદ ઈબ્ને અબ્દ પણ સાથે હતા.)*

**ભી ફીરોઝ ગુલામ, ઈમામ હસન હો કેરા,**
**એ તીનું જા રણમાં, પોંચીએ સવેરા.**

*(અને ઈમામ હસન (અ.)ના ગુલામ ફીરોઝ પણ હતા, આ ત્રણેય જણા જલ્દીથી મેદાનમાં આવી પહોંચ્યા.)*

**એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી,**
**અને એક કર કહો, દિન ઓર રાતી.**

*(આ વાતો સાંભળીને પોતાની ઝાતને પાક કરો, અને (અલ્લાહને) એક માનીને રાતદિવસ આટલું કહો.)*

**રેતૂહી**

**સુરીજાન હાર પિછાનીએ,**
**હેં ચાહતા કરે વે કામ રે, હેં ચાહતા કરે વે કામ;**
**દાસ હો રહીએ નિસદના,**
**લિજે નેહસું નામ રે, લિજે નેહસું નામ.**

*(સર્જનહાર અલ્લાહ તઆલાને ઓળખો કે તે જે ઈચ્છે, તેવા કામો કરે છે, હંમેશાં તેના ગુલામ બનીને રહો, અને મોહબ્બતથી તેના નામનો ઝિક્ર કરો.)*

# ઝોહા ઇલેક્ટ્રોનિક્સ

zoha
ELECTRONICS

## ઘર માટે અત્યાધુનિક ઉપકરણો હવે બજેટમાં!

SAMSUNG | LG | Haier | Whirlpool | GENERAL | IFB | HITACHI | DAIKIN | MITSUBISHI ELECTRIC | Crompton

અમારે ત્યાં ટી.વી., ફ્રીઝ, એ.સી., એર કુલર, વોશિંગ મશીન, ઘરઘંટી, ઓવન, મિક્સર, ગ્રાઇન્ડર, બ્લેન્ડર, ચીમની, ગેસ-સગડી, મોબાઇલ, મોબાઇલ એસેસરીઝ, લેપટોપ, પ્રિન્ટર, હેર ટ્રીમર, પંખા, લાઇટ તેમજ ઇલેક્ટ્રોનિક્સ ને લગતા તમામ કંપનીનો સામાન ગુણવત્તા સાથે વાજબી ભાવે મળશે.




હોટેલ, સંસ્થાઓ તેમજ નાના-મોટા ધંધાઓ માટે હોલસેલ ભાવમાં ખરીદી માટે અમારો સંપર્ક કરો.

FIND US ON GOOGLE MAP!

+૯૧ ૯૮૨૫૪ ૧૨૧૪૩
+૯૧ ૮૩૪૭૦ ૯૭૨૯૦
+૯૧ ૯૮૯૮૪ ૪૯૩૩૯

## ઝોહા ઇલેક્ટ્રોનિક્સ

પહેલો માળ, અલ ગદીર ધ બિઝનેસ હબ, વે-વેઇટ ચોકડી, રસુલપુર (ખેરાલુ) - ૩૮૪૩૨૫

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા-૧૭ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۷

| | |
|---|---|
| કરબલાના મેદાનમાં ઇમામ હુસૈન (અ.)ની એકલતા, ઉમ્મતની બખ્શિશ માટે દુઆ અને બારગાહે રબ્બુલ ઇઝઝતમાં આખરી સજદો | میدانِ کربلا میں امام حسین علیہ السلام کی تنہائی، بخشش امت کے لئے دعا اور بارگاہِ رب العزت میں آخری سجدہ |

کہتا تھا فوج میں سب سے عمر بد اختر — کھینچے کیوں تیغوں کو ہاتھوں میں کھڑے ہو ششدر
૨૯
ریگِ تفتیدہ پہ ہے غش میں علیؑ کا دلبر — جاؤ کیا دیر ہے کاٹو شہِ مظلوم کا سر
تیغ سے فاطمہؑ زہرا کا گلا چاک کرو
جلد ہاں خاتمۂ پنجتن پاک کرو

(દુર્ભાગ્યશાળી ઉમર સઅદ ફોજમાં બધાને કહેતો હતો, "તલવારો હાથમાં લઈને નિસ્તબ્ધ બનીને કેમ ઊભા છો? ગરમ રેતી પર અલી (અ.)ના દિલબર બેભાન પડેલા છે. તો કેમ વિલંબ કરો છો? જાઓ, શહે મઝલૂમ (અ.)નું સર કાપી દો. તલવારથી બીબી ફાતેમા (અ.)નું ગળું કાપી નાખો. હા! જલ્દીથી પંજેતન પાક (અ.)નો ખાતમો કરી નાખો.)

ایسے مظلوم کا سر کاٹنا کیا ہے دشوار — جس کا کوئی بھی مددگار نہ ہمدرد نہ یار
૩૦
عورتیں ہیں کئی خیمے میں غریب و ناچار — مر چکے پہلے ہی جو خون کے تھے دعویدار
خوں بہا بھی نہ کوئی مانگنے کو آوے گا
اک پسر ہے سو وہ بیمار ہے مر جاوے گا

(એવા મઝ્લૂમનું સર કાપવામાં વળી શું મુશ્કેલી કે જેનો ન કોઈ મદદગાર કે હમદર્દ છે, કે ન તો કોઈ દોસ્ત છે? જેમની ગરીબ અને લાચાર બીબીઓ ખૈમામાં છે, અને જે ખૂનના દાવેદાર હતા તે તો પહેલાંથી જ શહીદ થઈ ચૂકયા છે. અહીં તો ખૂંબહા (ખૂનનું વળતર) પણ માગવા માટે કોઈ નહીં આવે. એક દીકરો છે, તે પણ બીમાર છે, માટે તે પણ મરી જશે.")

کانپ کر کہتے تھے سب ہم سے نہ ہوگا یہ ستم
ذبح فرزندِ محمدؐ کو نہیں کرنے کے ہم
۳۱
ایسے مظلوم کی چھاتی پہ جو رکھے گا قدم
پاؤں جل جائے گا تھرّائے گا عرشِ اعظم
پیٹتے قبر سے محبوب خدا آویں گے
بخدا فاطمہؑ کی آہ سے جل جاویں گے

(બધા દુશ્મનો ગભરાઈને કહેતા હતા કે, "રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદને ઝુબ્હ કરવાનો આ જુલ્મ અમારાથી નહીં થાય. જે કોઈ આવા મઝ્લૂમની છાતી ઉપર પગ મૂકશે, તો તેના પગ બળી જશે અને અર્શે આઝમ ધ્રૂજી ઊઠશે. મહબૂબે ખુદા (સ.) (માથું) કૂટતાં કૂટતાં કબ્રમાંથી આવશે. અલ્લાહની કસમ! ફાતેમા (અ.)ની આહથી અમે બળી જઈશું.)

کون بے کس کو بھلا ذبح کرے بے تقصیر
پھیرتا ہے کوئی پیاسے کے گلے پر شمشیر؟
۳۲
گو کہ بے کس ہے پہ آساں نہیں قتلِ شبّیرؑ
حشر میں ہوئیں گے محبوبِ خدا دامنگیر
تو سمجھتا ہے کہ اس کا کوئی خوں خواہ نہیں
بنتِ احمدؐ نہیں، حیدرؑ نہیں، اللہ نہیں؟

(ભલા કોણ આ બેકસને બેગુનાહ કતલ કરે? વળી કોઈ તરસ્યાના ગળા ઉપર તલવાર ફેરવતું હશે? બેકસ હોવા છતાંય શબ્બીર (અ.)ને કતલ કરવા આસાન નથી, કારણ કે કયામતના દિવસે મહબૂબે ખુદા (સ.) તેમના કાતિલનો દામન પકડશે. શું તું એમ સમજે છે કે હુસૈન (અ.)ના ખૂનનો બદલો લેનાર કોઈ જ નથી? બિન્તે અહમદ (અ.) નથી? હૈદર (અ.) નથી? અલ્લાહ નથી?")

تھا جو دمساز عمر ابن نمیر اظلم
بڑھ کے تیغ اس نے سرِ شاہ پہ ماری اس دم
۳۳
تا جبیں ہو گیا مجروح سرِ شاہِ امم
تھام کر سر کو پکارے یہ امامِ عالم

نہ میسّر تجھے اس ہاتھ سے کھانا ہووے
تو تہی دست جہنّم کو روانہ ہووے


(જાલિમ ઈબ્ને નુમૈર કે જે ઉમર સઅદનો ખાસ મિત્ર હતો, તેણે આગળ વધીને આકા હુસૈન (અ.)ના સર મુબારક ઉપર તલવારનો એવો પ્રહાર કર્યો, કે આકા હુસૈન (અ.)નું સર કપાળ સુધી ઘાયલ થઈ ગયું. ઈમામ (અ.) માથું પકડીને પોકારીને કહેવા લાગ્યા કે, “અય દુશ્મન! તને કદી આ હાથથી ખાવાનું નસીબ ન થાય. તું ખાલી હાથે જ જહન્નમ તરફ રવાના થાય.”)

چاہا ظالم نے کہ پھر شہ پہ کرے تیغ کا وار — دیکھا انگشت بدنداں ہیں رسولؐ مختار
૩૪
خشک اس وقت ہوئے دستِ ستمگر یک بار — ہاتھ سے تیغ گری خوف سے بھاگا خونخوار
یاں سرِ پاک سے حضرت کے لہو جاری تھا
خم سوئے قبلہ تھے، بند آنکھیں تھیں، غش طاری تھا

(તે જાલિમે વિચાર કર્યો કે ઈમામ હુસૈન (અ.) પર ફરીથી તલવારનો પ્રહાર કરે, પરંતુ તેણે જોયું કે રસૂલે મુખ્તાર (સ.) પરેશાન હાલતમાં ઊભા છે. આ જોઈને જાલિમના હાથ એકદમ ઢીલા પડી ગયા. હાથમાંથી તલવાર પડી ગઈ ને લોહીનો તરસ્યો આ જાલિમ ડરનો માર્યો ત્યાંથી નાસી ગયો. અહીં ઈમામ હુસૈન (અ.)ના પાક સરમાંથી લોહી વહી રહ્યું હતું. આપ (અ.) કિબ્લા તરફ ઝૂકેલા હતા, આંખો બંધ હતી, અને બેભાન અવસ્થામાં હતા.)

جب تڑپنے کی بھی طاقت نہ رہی سرور کو — غل ہوا یہ کہ غش آیا خلفِ حیدرؑ کو
૩૫
فوج سے شمر بڑھا کھینچے ہوئے خنجر کو — سب سے کہتا تھا کہ اب کاٹو سرِ سرور کو
خلفِ احمدِؐ مختار کا قاتل ہوں میں
کام میرا ہے، اسی کام کے قابل ہوں میں

(જ્યારે આકા હુસૈન (અ.)માં તડપવાની તાકાત સુદ્ધાં પણ ન રહી, તો શોર થવા લાગ્યો કે હૈદર (અ.)ના જાનશીનને ગશ આવ્યો છે. ત્યારે લશ્કરમાંથી શિમ્ર ખંજર નિકાળીને આગળ વધ્યો, અને બધાને કહેતો હતો કે, “હવે હુસૈન (અ.)નું સર કાપી બતાવો. હું જ અહમદે મુખ્તાર (સ.)ના વારિસનો કાતિલ છું. આ કામ મારું જ છે અને હું જ આ કામના લાયક છું.)


ZAINAB
TOUR
ઇરાક - ઇરાન
વેકેશન ટૂર
મે-જુન
2025
*લેડીઝ ગાઇડ દ્વારા લેડીઝને
ઝિયારત કરાવવામાં કરશે.
બુકિંગ
શરૂ...
મંજૂરહુસૈન જે. મોમિન (સાથળ)
99984 69211 / 93161 64749
સહાયક
મૌલવી ખાદિમહુસૈન (કનાઈ)
93161 14429
હસનઅલી પટેલ
98989 87008
અહેસાનઅલી મંત્રી (યાદગારવાળા)
96875 40877

# سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) બદ્રની લડાઈમાં**

'ઝખાઈરુલ ઉકબા', 'અર્રિયાઝુન્નઝિરા' અને સૈયદ મુર્તઝા ફિરોઝાબાદીની 'ફઝાઈલે ખમ્સા'માં હઝરત ઈમામ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, બદ્રના દિવસે રિઝવાન નામના ફરિશ્તાએ આસમાનથી અવાજ આપ્યો કે, لَا سَيْفَ إِلَّا ذُوْ الْفِقَارِ وَلَا فَتَى إِلَّا عَلِيٌّ – કોઈ તલવાર નથી સિવાય ઝુલ્ફિકાર, અને કોઈ બહાદુર જવાન નથી સિવાય અલી (અ.).

'ફઝાઈલે ખમ્સા'માં તિબરીથી રિવાયત છે કે બદ્રની લડાઈમાં જ્યારે હઝરત અલી (અ.) દુશ્મનના અલમદારોને કતલ કરતા, તો મુશરિકોની જમાઅત દબાણ કરતી આગળ વધતી, ત્યારે રસૂલે અકરમ (સ.) હઝરત અલી (અ.)ને ફરમાવતા કે તેમના ઉપર હુમલો કરો. પછી આપ (અ.) તેમના ઉપર હુમલો કરતા અને તેમનામાંથી ઘણા લોકોને કતલ કરી દેતા. તે સમયે જિબ્રઈલ (અ.) રસૂલે અકરમ (સ.) ઉપર નાઝિલ થતા અને કહેતા, "અય રસૂલલ્લાહ! આ જ અસલ મદદ છે. રસૂલે અકરમ (સ.)એ તેમને ફરમાવ્યું, "બેશક, તેઓ મારાથી છે અને હું તેમનાથી છું." ત્યારે જિબ્રઈલ (અ.)એ કહ્યું, "અને હું આપના બન્નેથી છું." તે ક્ષણે એક અવાજ સંભળાયો: "لَا سَيْفَ إِلَّا ذُوْ الْفِقَارِ وَلَا فَتَى إِلَّا عَلِيٌّ કોઈ તલવાર નથી સિવાય ઝુલ્ફિકાર, અને કોઈ બહાદુર જવાન નથી સિવાય અલી (અ.)."

**હઝરત અલી (અ.) ઓહદની લડાઈમાં**

બદ્રની લડાઈનું જે પરિણામ આવ્યું તેણે કુરૈશ સિવાય મુનાફિકો, યહૂદીઓ અને તેમની માફક શિર્કને વળગી રહેલા અરબોના દિલોમાં ઊંડો ઘા કર્યો હતો. તે ઘાએ તેમને એવા કરી દીધા હતા કે હવે તેઓ ફક્ત એવું જ વિચારતા હતા અને એવાં જ કાર્યો કરતા હતા કે જેનાથી તેઓ પોતાનો બદલો ચૂકવી શકે અને તેમની તે શાખને પાછી લાવી શકે કે જે તેઓ તે લડાઈમાં ખોઈ બેઠા હતા. તેમણે પોતાના કતલ થયેલાઓ ઉપર ફરીથી રડવાનું શરૂ કરી દીધું; જો કે, આ પહેલાં તે સ્ત્રીઓને લગભગ કેટલાય મહીનાઓ સુધી રડવા અને રોકકળ

કરવાની ના પાડી રહ્યા હતા. તે લોકોએ એટલા માટે ફરી વાર રડવાનું શરૂ કરી દીધું કે જેથી તેઓ લોકોનાં દિલોને ભડકાવે અને તેમની લાગણીઓને આવેગમાં લાવે; આ માટે તેઓ કોઈ કતલ થયેલાનો ઊંટ કે ઘોડો લઈ આવતા, સ્ત્રીઓને તેની ચારેય બાજુ રોકકળ કરવા માટે ભેગી કરતા અને બદ્રની ઘટનાઓ વર્ણવતા રહેતા.

કુરૈશ આ જ હાલમાં રહ્યા. તેઓ બસ એની જ ફિરાકમાં રહ્યા કે ગમે તેમ કરીને રસૂલે અકરમ (સ.) અને તેમના અનુયાયીઓની સાથે એક બીજી લડાઈ થાય; આ માટે તેઓ લોકોને ઉશ્કેરવામાં વ્યસ્ત રહ્યા. બદ્રમાં હિન્દાનો બાપ, કાકો અને ભાઈ માર્યા ગયા હતા, તેમ છતાં તેણે તે ડરના લીધે તેમનો ગમ ન કર્યો કે કદાચ મોહંમદ (સ.) અને તેમના અનુયાયીઓ મારા ઉપર હસશે. તેથી કુરૈશે તેમના માણસોને મક્કાની બહાર મોકલ્યા કે જેથી તેઓ રસૂલે અકરમ (સ.)ને બદનામ કરે અને લોકોમાં આપ (સ.) અને આપ (સ.)ના અનુયાયીઓ વિષે શંકાનાં બીજ રોપે, પરંતુ તે બાબતોએ રસૂલે અકરમ (સ.)ને કે આપ (સ.)ના અનુયાયીઓને જરાય ભયભીત ન કર્યા, અલબત્ત, બદ્રની લડાઈએ તેમની શક્તિ અને તેમના આત્મવિશ્વાસમાં વધારો કરી દીધો હતો. તેથી એના પહેલાં કે તેઓ આરામ કરે અને જે જિહાદ તેમણે કર્યો હતો તેનો થાક ઉતારે, અને તેના પહેલાં કે તેમને મદીના પાછા આવ્યાને એક મહીનો પસાર થાય અને તે પુરુષો અને સ્ત્રીઓ કે જે તેમની પાછળ શહેરમાં રહી ગયાં હતાં, તેમને બદ્રના વિજયની ખુશખબર સંભળાવે, રસૂલે અકરમ (સ.)એ તેમને બની સુલૈમની લડાઈનો હુકમ આપ્યો, કેમ કે તે લોકો મદીના ઉપર હુમલો કરવાના હતા. આપ (સ.)એ પોતે તે ચળવળની આગેવાની કરી અને પોતાનો અલમ હઝરત અલી (અ.)ને સોંપી દીધો, જેવું કે સીરતે હલ્બીયાના લેખકે જણાવ્યું છે. આપ (સ.) બની સુલૈમના એક ઝરણા ઉપર પહોંચ્યા કે જેને કદર કહે છે. ત્યાં આપ (સ.)એ ત્રણ દિવસ રોકાણ કર્યું, પરંતુ તે લોકોમાંથી કોઈ પણ વ્યક્તિ ન મળી. તેથી આપ (સ.) મદીના પાછા આવી ગયા. આ લડાઈ ૨૪ રમઝાને બદ્રની લડાઈના થોડા જ દિવસો પછી થઈ હતી.

શવ્વાલ મહીનાની મધ્યમાં એટલે કે બદ્રની લડાઈના લગભગ એક મહીના પછી, રસૂલે અકરમ (સ.)એ બની કૈનુકાઅ સાથે લડાઈ કરી કે જે મદીનાના યહૂદીઓનો એક કબીલો હતો. મદીનામાં આવવાના સમયે આપ (સ.)એ તેમનાથી એવો કરાર કર્યો કે તેઓ બળવો નહીં કરે અને આપ (સ.) વિરુદ્ધ કોઈની મદદ નહીં કરે, પરંતુ તે લોકોએ કુરૈશના ભડકાવવાથી પોતાના એ કરારને તોડી નાખ્યો અને આપ (સ.)ની કતલની યોજના તૈયાર કરી લીધી. તેથી તે લોકોએ પોતાની આ યોજનાને અમલમાં લાવવાનો પ્રયત્ન તે સમયે કર્યો કે જ્યારે રસૂલે અકરમ (સ.) તેમના મહોલ્લામાં એક

દીવાલની બાજુમાં બેઠેલા હતા, પરંતુ તે યોજનાના અમલ પહેલાં જ આપ (સ.)ને વહી દ્વારા તેની જાણકારી મળી ગઈ, તેથી આપ (સ.) તરત જ ત્યાંથી ઊઠી ગયા અને મદીનાની અંદરના ભાગમાં જતા રહ્યા. કુરઆનના તફસીરકારોના કથન મુજબ, તે સમયે આ આયત નાઝિલ થઈ:

وَاِمَّا تَخَافَنَّ مِنْ قَوْمٍ خِيَانَةً فَانْۢبِذْ اِلَيْهِمْ عَلٰى سَوَآءٍ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْخَآئِنِيْنَ ﴿٥٨﴾

*(જો ક્યારેક કોઈ કોમથી વિશ્વાસઘાતનો ભય હોય તો (તેના કરારને જાહેર રીતે) તેની આગળ નાખી દો. ખરેખર અલ્લાહ વિશ્વાસઘાતીઓને પસંદ કરતો નથી.)*

(સૂરા અન્ફાલ, આયત–૫૮)

તેથી રસૂલે અકરમ (સ.) પોતાના સાથીઓને લઈને તેમની તરફ આગળ વધ્યા. આપ (સ.)નો અલમ હઝરત હમ્ઝા (અ.)ના હાથમાં હતો અને હઝરત અલી (અ.) સૈન્યની આગેવાની કરી રહ્યા હતા, અને મુસલમાનોની આગળ આગળ ચાલતા હતા. યહૂદીઓમાં ભય વ્યાપી ગયો અને તેમણે તેમના કિલ્લાઓમાં અને સુરક્ષિત જગ્યાઓમાં રક્ષણ લઈ લીધું. રસૂલે અકરમ (સ.)એ પંદર દિવસ સુધી તેમનો ઘેરો કર્યો. તે લોકોમાંથી ચારસો જેટલા બખ્તરવિહોણા અને ત્રણસો જેટલા બખ્તરથી સજ્જ હતા. જ્યારે તેમના ઉપર સખ્ત ઘેરો થઈ ગયો, તો તેઓ ગભરાયા અને રસૂલે અકરમ (સ.) ના નિર્ણયની સામે ઝૂકી ગયા. તેથી તેઓ પોતાની સ્ત્રીઓ અને પોતાનાં બાળકોને લઈને શામના વિસ્તાર તરફ જતા રહ્યા, અને જે માલ તેઓ લઈ જઈ શકતા હતા, તેને લઈ ગયા. જે માલ રહી ગયો તે મુસલમાનો માટે ગનીમત તરીકે મૂકતા ગયા. આ રીતે એમના અને રસૂલે અકરમ (સ.) વચ્ચેનો કરાર સમાપ્ત થયો. આ લડાઈના કારણ વિષે પણ ઘણુંબધું કહેવાયું છે. વિગત જાણવા ઈચ્છતા લોકો અમારી કિતાબ 'સીરતે મુસ્તફા' જુએ, કે જેમાં અમે આ વિષયો અને તેમનાં બધાં પાસાં ઉપર ચર્ચા કરી છે. (ક્રમશઃ)

**ગડમથલ નં.૩૮૨નો ઉકેલ**

**__આડી ચાવીઓ:__** (૧) જલાલત (૩) સફશિકન (૭) કીમત (૯) સાફા (૧૦) બશર (૧૨) લહદ (૧૪) શક (૧૫) તર (૧૬) અવામ (૧૭) સુબહ (૧૮) રતન (૨૦) લગન (૨૩) રવાની (૨૪) અમ (૨૫) બરાબર (૨૬) આબદાર (૨૭) દાગ (૨૯) દાવર (૩૧) અમાનત (૩૨) ખાનદાની **__ઊભી ચાવીઓ:__** (૧) જનાબત (૨) લકીર (૪) ફસાદ (૫) શિફા (૬) નમકહરામ (૮) તલવા (૧૧) શરર (૧૩) હમલ (૧૪) શબ (૧૬) અનવાર (૧૭) સુન (૧૯) તરબતર (૨૧) ગઝબ (૨૨) ખબરદાર (૨૪) અરમાન (૨૬) આગ (૨૭) દામન (૨૮) કતલ (૩૦) વહી (૩૧) અની

" BUILD RIGHT, FEEL HIGH "

# IMDAD MOMIN
STRUCTURAL CONSULTANT

STRUCTURAL ★★★ LICENSED M.TECH ★★★ ENGINEER

CIVIL ★★★ LICENSED B.E. ★★★ ENGINEER

## Services
*(Structural Design)*


Bungalow / Low Rise Building


High Rise Building


Commercial Building


Industrial Building


Steel / PEB Building

## Projects




### GSRTC
- Bus Stations at Siddhpur, Sankheda, Surendranagar, Chuda & Selamba
- Bus Workshops at Rajkot, Dwarka & Rapar



### PMAY
(Pradhanmantri Awas Yojana Building)
- Jahangirpura (G+12)
- Pal (G+12)
- Bhimrad (G+14)
- Rundh-Vesu (G+14)



### GPHC
(Gujarat Police Housing Corporation)
- Jail Staff Quarter (G+11)
- Community Hall



### RELIGIOUS PROJECTS
- Masjid, Kesimpa
- Masjid, Ishaqpura
- BAPS Temple, Kanad
- BAPS Satsang Bhavan, Kanad
- Masjid, Sadikpur



### MISCELLANEOUS PROJECTS
- Natalia Travel Center (Texas, U.S.A.)
- Farm House (Zambia, E.A.)
- Mushahid Vikas Bank, Badarpur
- Industrial Building, Ilol



### HOTELS / RESTAURANTS
- The Grand Aura, Gandhinagar
- Raviraj Hotel, Rajkot
- The Royal Pavilion, Ahmedabad.
- The Grand Tulsi, Mehsana
- Sarvoday Hotel, Ahmedabad
- Sarvottam Hotel, Modasa
- Ashirwad Hotel, Bayad



IMDAD MOMIN
STRUCTURAL CONSULTANT
" BUILD RIGHT, FEEL HIGH "

imsconsultant01@gmail.com +91 96242 01455

**Office-303, Bagh-E-Mujtaba, Makarba, Ahmedabad.**

**Structural Designing (including site visit) is provided in all over Gujarat**

الإرشاد

# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

**હઝરત ઇમામ જાફર ઇબ્ને મોહંમદ અસ્સાદિક (અ.)**

**ઔલાદે ઈમામ જાફર સાદિક (અ.)ની સંખ્યા, નામ અને અહેવાલોનો સારાંશ:**

અબૂ અબ્દિલ્લાહ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને દસ બાળકો હતાં. તેમનાં નામ આ મુજબ છે:

(૧) ઈસ્માઈલ (રહ.) (૨) અબ્દુલ્લાહ (૩) ઉમ્મે ફરવા

એમનાં વાલેદાનું નામ ફાતેમા હતું, જેઓ હુસૈન ઈબ્ને અલી ઈબ્ને હુસૈન (અ.)નાં દુખ્તર હતાં.

(૪) હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.) (૫) ઈસ્હાક (૬) મોહંમદ

આમનાં વાલેદા એક કનીઝ હતાં, જેમનું નામ બીબી હમીદા (અ.) હતું

(૭) અબ્બાસ (૮) અલી (૯) અસ્મા (૧૦) ફાતેમા

આમનાં વાલેદા અલગ–અલગ હતાં.

હઝરત ઈસ્માઈલ (રહ.), ઈમામ જાફર સાદિક (અ.)ના સૌથી મોટા બેટા હતા. ઈમામ જાફર સાદિક (અ.) તેમનાથી ઘણી મોહબ્બત રાખતા હતા અને તેમના ઉપર ઘણા મહેરબાન હતા. ઈમામ (અ.)ના ઘણાખરા શીઆઓ એવું માનતા હતા કે ઈમામત તો તેમને જ મળશે અને તેઓ પોતાના વાલિદના વારસદાર થશે. આ દૃષ્ટિકોણ એટલા માટે સ્થાપિત થઈ ગયો હતો, કેમ કે હઝરત ઈસ્માઈલ (રહ.) ઈમામ (અ.)ના સૌથી મોટા બેટા હતા અને ઈમામના પસંદીદા હતા, પરંતુ પોતાના વાલિદના જીવનમાં જ તેમની વફાત મદીનાની બહાર અલ–અર્ઝ નામના ઠેકાણે થઈ ગઈ હતી. તેમની મય્યતને કાંધે ઉપાડીને મદીના લાવવામાં આવી હતી અને જનાઝાને ઈમામ જાફર સાદિક (અ.)ને સોંપાયો હતો પછી તેમને જન્નતુલ બકીઅમાં દફનાવવામાં આવ્યા હતા.

એવું કહેવામાં આવે છે કે અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ને પોતાના બેટાની મોતનું અપાર દુઃખ થયું હતું. એટલે સુધી કે ઈમામ (અ.) ઉઘાડા પગે અને રિદા વગર જનાઝાની સાથે

ચાલ્યા હતા. કબ્ર સુધી પહોંચતાં પહેલાં ઈમામ જાફ્ર સાદિક (અ.)ના હુકમથી કેટલીય જગ્યાઓએ જનાઝાને જમીન ઉપર મૂકવામાં આવ્યો હતો. જ્યારે મૈયતને કબ્રમાં ઉતારવામાં આવી તો ઈમામ જાફ્ર સાદિક (અ.)એ હઝરત ઈસ્માઈલ (રહ.)ના ચહેરા ઉપરથી કફ્ન હટાવીને નજર કરી હતી.

આપ (અ.)એ એટલા માટે એવું કર્યું હતું કે જેથી લોકોમાં એ વાત જાહેર થઈ જાય કે હઝરત ઈસ્માઈલ (રહ.)ની વફ્રાત થઈ ગઈ છે, કેમ કે જનાઝામાં શામિલ ઘણા શીઆઓનું એવું માનવું હતું કે આપ (અ.)ના પછી હઝરત ઈસ્માઈલ (રહ.) ઈમામ બનશે. આપ (અ.) લોકોના મનમાં રહેલી ગેરસમજ કે હઝરત ઈસ્માઈલ (રહ.) મર્યા નથી પરંતુ હયાત છે, ને દૂર કરવા માગતા હતા.

જ્યારે હઝરત ઈસ્માઈલ (રહ.)ની શહાદત થઈ, તો ઈમામ (અ.)ના મોટાભાગના શીઆઓ કે જેઓ હઝરત ઈસ્માઈલ (રહ.) જ ઈમામ બનશે તેવું માનતા હતા, તેઓએ પરિસ્થિતિ સ્વીકારી લીધી. પરંતુ, થોડાક શીઆઓ એવા હતા કે જે એવું કહેતા હતા કે હઝરત ઈસ્માઈલ (રહ.) તો હજુ હયાત છે (અને તેઓ જ ઈમામના વારસદાર છે). આ લોકો ઈમામ જાફ્ર સાદિક (અ.)ના નિકટના શીઆઓમાંથી ન હતા, કે ન તો તેઓ ઈમામ (અ.)ના રાવીઓ હતા. આવા લોકો વેગળે રહેનારા અને ઉગ્રવાદી હતા.

જ્યારે ઈમામ જાફ્ર સાદિક (અ.)ની શહાદત થઈ, તો આપ (અ.)ને માનનારી શીઆઓની જમાઅતે મૂસા ઈબ્ને જાફ્ર (અ.)ની ઈમામતને સ્વીકારી લીધી, જ્યારે બીજા શીઆઓ બે જૂથોમાં વહેંચાઈ ગયા. એક જૂથે શીઆઓની એ માન્યતાનો વિરોધ કર્યો કે હઝરત ઈસ્માઈલ (રહ.) હયાત છે, પરંતુ તેમણે હઝરત ઈસ્માઈલ (રહ.)ના બેટા મોહંમદ ઈબ્ને ઈસ્માઈલ (રહ.)ને ઈમામ માની લીધા. તે લોકોની દલીલ એ હતી કે હઝરત ઈસ્માઈલ (રહ.)ને ઈમામત મળી છે એટલે બેટાને (એટલે કે હઝરત મોહંમદને) ભાઈ (એટલે કે ઈમામ મૂસા ઈબ્ને જાફ્ર (અ.)) કરતાં ઈમામતનો વધુ હક છે. પરંતુ તે જ શીઆઓનું બીજું જૂથ તો એમ જ માનતું રહ્યું કે હઝરત ઈસ્માઈલ (રહ.) હજુય જીવતા છે. જો કે, આજે તે જૂથના માનવાવાળાઓની સંખ્યા ઘણી ઓછી છે. આ જૂથના માનવાવાળા હવે કયાં કયાં રહે છે તે વિષે હવે કાંઈ કહી શકાતું નથી. આ બન્ને જૂથોના શીઆઓને ઈસ્માઈલીયા કહેવામાં આવે છે. તે જૂથમાંથી જે હાજર છે, તેમનો દાવો છે કે હઝરત ઈસ્માઈલ (રહ.) પછી ઈમામત તેમના બેટાને મળી હતી, પછી તેમના બેટાને મળી, અને આ રીતે તે સિલસિલો આજપર્યંત ચાલુ છે.

હઝરત ઈસ્માઈલ (રહ.) પછી અબ્દુલ્લાહ ઈમામ જાફ્ર સાદિક (અ.)ના સૌથી મોટા બેટા હતા. જો કે, ઈમામ (અ.)ની નજરમાં તેમનું માનપાન વધારે ન હતું.

ઈસ્હાક ઈબ્ને જાફર (ઈમામ જાફર સાદિક (અ.)ના એક ફરઝંદ)ના બારામાં જણાવવામાં આવે છે કે તેઓ હોશિયાર, નમ્ર અને પરહેઝગાર હતા. રાવીઓએ આપ (અ.)ના સંદર્ભથી અગણિત હદીસો નકલ કરી છે, જેમને સનદવાળી ગણવામાં આવે છે. જ્યારે પણ ઈબ્ને કાસિબ આપ (અ.) ના સંદર્ભથી કોઈ હદીસ બયાન કરતા હતા, તો તે હદીસની શરૂઆત આ રીતે કરતા હતાઃ વિશ્વાસપાત્ર અને સનદી આલિમ ઈસ્હાક ઈબ્ને જાફર જણાવે છે કે.

ઈસ્હાકે પોતાના ભાઈ ઈમામ મૂસા કાઝિમ (અ.)ની ઈમામતને કબૂલ કરી હતી. તેમણે લોકોને જણાવ્યું હતું કે તેમના વાલિદ (ઈમામ જાફર સાદિક (અ.)) એ તેમના ભાઈ મૂસા કાઝિમ (અ.)ને ઈમામ નિમ્યા હતા.

અલી ઈબ્ને જાફર, કે જે ઈમામ જાફર સાદિક (અ.)ના ફરઝંદ હતા, તેમની ગણતરી મોટા મુહદ્દિસીનમાં થાય છે. તેમની સખાવત અને હોશિયારી પ્રખ્યાત હતી. તેમને ઈમામ મૂસા કાઝિમ (અ.)ના વિશ્વસનીય ભાઈ માનવામાં આવતા હતા. તેમના હવાલાથી ઘણી હદીસો જણાવવામાં આવી છે.

અબ્બાસ ઈબ્ને જાફર (કે જે ઈમામ જાફર સાદિક (અ.)ના એક ફરઝંદ હતા) તે પણ ઘણા સદ્‌ગુણી માણસ હતા.

ઈમામ જાફર સાદિક (અ.)ના બધા ફરઝંદોમાં મૂસા ઈબ્ને જાફર (અ.) સૌથી વધારે પ્રખ્યાત, સર્વોચ્ચ અને સદ્‌ગુણોવાળા ફરઝંદ હતા. તેમની ફઝીલત સુધી તેમનો એકેય ભાઈ પહોંચી શક્યો ન હતો. આપ (અ.) લોકોના મનપસંદ ઈમામ હતા. આપ (અ.)થી વધારે સખાવતની ઊંચી ગુણવત્તા ઉપર કોઈ પહોંચ્યો ન હતો. સખાવત, ઈબાદત, પરહેઝગારી, જલાલત, હોશિયારી અને ઈલ્મમાં આપ (અ.)ની સરખામણીમાં કોઈ બીજું આવી શકે તેમ ન હતું. ઈમામ જાફર સાદિક (અ.)ના શીઆઓએ આપ (અ.)ને જ ઈમામ તરીકે કબૂલ કર્યા હતા અને આપ (અ.)ની જ તાબેદારી કબૂલ કરી હતી, કેમ કે ઈમામતના હોદ્દા માટે તેમના જેવો બીજો કોઈ ન હતો. શીઆઓની સામે ઘણી વાર ઈમામ જાફર સાદિક (અ.)એ પોતાના દીકરા એટલે કે મૂસા ઈબ્ને જાફર (અ.)ને ઈમામ નીમ્યા હતા અને પોતાના વારસદાર જાહેર કર્યા હતા. એટલા માટે શીઆઓએ હંમેશાં આપ (અ.) થી જ દીની મસઅલાઓ રજૂ કર્યા છે અને દીનની હિદાયત મેળવી છે. આપ (અ.)થી ઘણા મોઅજિઝાઓ જોડાયેલા છે કે જેમના વડે આપ (અ.)ની ઈમામતની નિશાની આપી શકાય છે.

## હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)

હઝરત અબૂ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ના પછી તેમના જે બેટાએ ઈમામતની ફરજો

સંભાળી, તેમનું ટૂંકમાં વર્ણન. આમાં આપ (અ.) ની વિલાદત અને શહાદતની વિગતો વર્ણવવામાં આવશે, તેમ જ તે નિશાનીઓને પણ રજૂ કરવામાં આવશે કે જેમનાથી આપ (અ.)ની ઈમામતના પુરાવા મળે છે. આપ (અ.)ની ઉંમર કેટલી હતી? આપ (અ.)ની શહાદત ક્યારે અને કયા સંજોગો હેઠળ થઈ હતી? આપ (અ.)ને ક્યાં દફનાવવામાં આવ્યા છે? અને આપ (અ.)ની ઓલાદ કેટલી હતી? આપ (અ.)ના જીવનમાં મહત્ત્વના કયા કયા પ્રસંગો ઘટ્યા હતા? તે સઘળું વર્ણન કરવામાં આવશે.

જેમ કે અમે પહેલાં જ જણાવી દીધું છે કે ઈમામ જાફર સાદિક (અ.) પછી ઈમામ તરીકે અબુલ હસન મૂસા ઈબ્ને જાફર (અ.)ની નિમણૂક કરવામાં આવી હતી. આપ (અ.) અલ્લાહના નેક બંદા હતા. આપ (અ.) બધી રીતે સર્વગુણસંપન્ન હતા. શ્રેષ્ઠતામાં આપ (અ.)નો કોઈ બરોબરિયો ન હતો. ઈમામતના હોદ્દા પર આપ (અ.)ની વરણી આપ (અ.)ના પ્રિય વાલિદે કરી હતી. ઈમામતના દરજ્જા માટે સફળ થવા માટે જે સંપૂર્ણતા જરૂરી હોય છે, તે બધી આપ (અ.)ની પાક ઝાતમાં હાજર હતી.

આપ (અ.)ની વિલાદત હિ.સ. ૧૨૮માં મક્કા અને મદીનાની વચ્ચે આવેલા અબ્વા નામના ગામમાં થઈ હતી. આપ (અ.)ની શહાદત બગદાદના કેદખાના, સનદી ઈબ્ને શાહિકમાં ૬ રજબ હિ.સ. ૧૮૩ના રોજ થઈ હતી. શહાદતના સમયે આપ (અ.)ની ઉંમર ૫૫ વર્ષની હતી. આપ (અ.)નાં વાલેદાનું નામ બીબી હમીદા (અ.) હતું. આપ (અ.)ની ખિલાફત અને ઈમામત ૩૫ વર્ષ સુધી ચાલી હતી. આપ (અ.)ની કુન્નિયત અબૂ ઈબ્રાહીમ, અબુલ હસન અને અબૂ અલી હતી. આપ (અ.) અબ્દે સાલેહ (અલ્લાહના નેક બંદા) ના નામે પણ ઓળખાતા હતા. આપ (અ.)નો લકબ કાઝિમ (સહન કરવાવાળા) હતા.

**ઈમામ મૂસા (અ.)ની ઈમામત માટે આપ (અ.)ના વાલિદ તરફથી નસ્સ (લખાણ)**

ઈમામ જાફર સાદિક (અ.)ના બધા વડીલ મિત્રો, નિકટના સચિવો, બીજા ફકીહો અને વિશ્વાસપાત્ર મિત્રોએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ઈમામ જાફર સાદિક (અ.)એ પોતાના દીકરા અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)ને જ વારસદાર નિમ્યા હતા. તે વિશ્વસનીય અને બુઝૂર્ગ સહાબીઓનાં નામ આ પ્રમાણે છે: મુફઝ્ઝલ ઈબ્ને ઉમર જુઅફી, મઆઝ ઈબ્ને કસીર, અબ્દુર્રહમાન ઈબ્ને હજ્જાજ, ફૈઝ ઈબ્ને મુખ્તાર અને યાકૂબ અલ–સર્રાજ, સુલયમાન ઈબ્ને ખાલિદ અને સફ્વાન અલ–જમ્માલ. આ સિવાય અન્ય સહાબીઓ પણ હતા, પરંતુ બધાંનાં નામોનો ઉલ્લેખ કરવો અહીં શક્ય નથી. (ક્રમશઃ)

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
‘રિસાલા હુકૂક’ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## જેને સવાલ કરવામાં આવે તેનો હક

(ગતાંકનું ચાલુ)

**જેનાથી સવાલ કરવામાં આવે છે તે વ્યક્તિની ખાસિયતો:**

ઈમામ અલી (અ.) ફરમાવે છે,

“હાજતનું પૂરું ન થવું એ એના કરતાં વધારે સહેલું એ છે કે એને નાઅહલ (અયોગ્ય વ્યક્તિ) પાસેથી માગવામાં આવે.”

વળી, ફરમાવે છે:

તમારા ચહેરાની શાનોશૌકત કે જે (અત્યાર સુધી) બરકરાર છે, એને સવાલ (પળવારમાં) વહાવીને લઈ જશે, તેથી એ જુઓ કે તેને કોની સામે વહાવી રહ્યા છો.

ઈજ્જત અને આબરૂને બચાવવા માટે સવાલ કરવાની મનાઈ કરવામાં આવી છે, પરંતુ જો સવાલ કરવા પર મજબૂર થઈ જાય, તો એ જોઈ લે કે કોની સામે પોતાની આબરૂને રજૂ કરી રહ્યો છે.

બીજી જગ્યાએ ફરમાવે છે:

لَاتَسْأَلْ مَنْ تَخَافُ مَنْعَهُ

(એ વ્યક્તિને સવાલ ન કરો કે જેની બાબતમાં તમને એવો ડર હોય કે તે તમારી હાજતને પૂરી નહીં કરે.)

ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે:

હાજતનું પૂરું ન થવું એના કરતાં બહેતર છે કે તેને નાઅહલ (અયોગ્ય વ્યક્તિ) પાસે માગવામાં આવે.

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) ફરમાવે છે:

કોઈ નવા માલદાર બનેલા વ્યક્તિની આગળ માંગણી કરવી એવું છે કે જેવું તમે અજગરના મોઢામાંથી કોઈ દિરહમ કાઢવા ઈચ્છો, એનાથી તમને ખતરો પણ છે. પોતાની હાજતોને કરીમ અને સખી અને સારા અખ્લાકવાળા લોકો આગળ બયાન કરો, ખરાબ અખ્લાકવાળા અને મખ્ખીચૂસ આગળ બયાન ન કરો.

એક અરબી અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતમાં આવ્યો અને અરજ કરી, “યા અમીરુલ મોમિનીન! હું ત્રણ બીમારીઓમાં સપડાયેલો

છું: એક બદનના દર્દમાં, બીજી ગરીબાઈ અને નાદારીમાં, ત્રીજી જિહાલત અને નાદાનીના દર્દમાં." આપ (અ.)એ જવાબ આપ્યો, "અય અરબ ભાઈ! પોતાના નફ્સ અને બદનના દર્દનો ઈલાજ તબીબથી કરાવો, અને જિહાલત અને નાદાનીનો ઈલાજ આલિમ પાસે કરાવો, અને ગરીબાઈ અને નાદારીનો ઈલાજ સખી અને કરીમ પાસે કરાવો." સવાલ પૂછનારે અરજ કરી, "આપ તબીબ પણ છો, આલિમ પણ છો અને કરીમ અને સખી પણ છો." આપ (અ.)એ ફરમાવ્યું, "આને બૈતુલમાલમાંથી ત્રણ હજાર દિરહમ આપવામાં આવે." ફરમાવ્યું, "એક હજાર દિરહમથી બીમારીમાંથી શિફા મેળવો, એક હજાર દિરહમમાં ઈલ્મ હાસિલ કરો, અને એક હજાર દિરહમથી પોતાની નાદારીને બરતરફ કરો."

**ઈમામ હસન (અ.)થી સવાલ:**

એક સવાલ કરનાર ઈમામ હસન (અ.)ની ખિદમતમાં હાજર થયો. આપ (અ.)ની સામે બેસી ગયો અને જમીન પર પોતાની હાજત લખી દીધી. તે ઈમામ હસન (અ.) તરફ જોઈ રહ્યો હતો અને આવું લખી રહ્યો હતો:

لَمْ يَبْقَ عِنْدِىْ مَا يُبَاعُ بِدِرْهَمٍ يَّقْفِيْكَ مَنْظَرُ حَالَتِىْ عَنْ مُخْبَرِىْ
اَلَا بَقَايَا مَآءِ وَجْهٍ صُنْتُهَا عَنْ اَنْ تُبَاعَ وَاَيْنَ اَيْنَ الْمُشْتَرِىْ

(મારી પાસે કોઈ એવી ચીજ બાકી નથી કે જેને દિરહમના બદલામાં વેચી શકાય. મારી હાલત રડવા જેવી છે. આપના માટે કાફી છે. બસ એક મારી આબરૂ છે કે જેને મેં બચાવી રાખી છે, તે વેચાઈ નથી. હવે મેં તેના ખરીદનાર તરીકે આપને મેળવ્યા છે.)

ઈમામ હસન (અ.)એ પોતાના ખાદિમને બૂમ પાડીને બોલાવ્યો અને જાણી લીધું કે તેની પાસે કેટલો માલ બાકી બચ્યો છે. તેણે જવાબ આપ્યો, "મારી પાસે બાર હજાર દિરહમ બચ્યા છે." આપ (અ.)એ ફરમાવ્યું, "એ દિરહમ આ જરૂરતમંદને આપી દો. મને તેનાથી શરમ આવે છે." જાણે કે ખાદિમ એવું કહેવા માગતો હતો કે આ બધા જ દિરહમ કેવી રીતે આપી દઉં? આપ (અ.)એ ફરમાવ્યું, "એને આપી દો અને ખુદાની બાબતમાં હુસ્ને ઝન રાખો." જ્યારે તેણે દિરહમ લાવીને તેને આપી દીધા, તો ઈમામ હસન (અ.)એ તેને અવાજ આપ્યો અને ફરમાવ્યું, "માફ કરજો, અમારી પાસે આનાથી વધારે ન હતું. પછી આવા અશ્આર પઢ્યા:

عَاجَلْتَنَا فَاَتَاكَ وَابِلُ بِرِّنَا طَلًّا وَّلَوْ اَمْهَلْتَنَا لَمْ نَقْصُرْ
فَخُذِ الْقَلِيْلَ وَكُنْ كَاَنَّكَ لَمْ تَبِعْ مَا صُنْتَهٗ وَكَاَنَّنَا لَمْ نَشْتَرِ

(તમે શીઘ્રતાપૂર્વક અને ઉતાવળમાં અમારી પાસે આવ્યા અને તમને અમારી થોડી જ બક્ષિસ મળી શકી, અને જો બીજા સમયે આવતા, અને અમને થોડી મોહલત આપતા, તો અમે કમી ન કરતા. આ બક્ષિસને લઈ લો જાણે કે તમે કોઈ વસ્તુ વેચી જ નથી, અને કોઈ મામલાને પૂર્ણ કર્યો જ નથી. અમે તમારી ઈજ્જત અને આબરૂને ખરીદી નથી.)

માણસ જે સદકો આપે છે તે પહેલાં ખુદાના હાથમાં પહોંચે છે. સદકાની બાબતમાં અમે આ વિષય સંબંધી કેટલીક રિવાયતો નકલ કરી છે,

તેથી માગનારા પર એહસાન ન બતાવવો જોઈએ, અને તેના વ્યક્તિત્વને તુચ્છ સમજવું ન જોઈએ. મજકૂર રિવાયતને જુઓ કે ઈમામ હસન (અ.) માગનારાની સાથે કેવું વર્તન કરે છે અને જે કંઈ ઘરમાં હતું તે બધું માગનારાને આપી દીધું, વળી ઓછું આપવા પર મજબૂરી જાહેર કરી અને આ રીતે પોતાને માનનારાઓને સબક આપ્યો.

**ઈમામ હુસૈન (અ.)થી સવાલ:**

ઈબ્ને અસાકિરે પોતાની તારીખે કબીરમાં લખ્યું છે કે એક માગનારો મદીનાની ગલીઓમાં ફરી રહ્યો હતો, એટલે સુધી કે ઈમામ હુસૈન (અ.) ના દરવાજા પર આવ્યો. દરવાજો ખટખટાવ્યો અને અરજ કરવા લાગ્યો:

لَمْ يَخِبِ الْاٰنَ مَنْ رَّجَاكَ وَمَنْ حَرَّكَ مِنْ خَلْفِ بَابِكَ الْحَلَقَةَ
اَنْتَ ذُوْ جُوْدٍ وَّاَنْتَ مَعْدَنُهٗ اَبُوْكَ قَدْ كَانَ قَاتِلَ الْفَسَقَةِ

(હજુ સુધી કોઈ પણ માગનાર આપની બક્ષિસથી માયૂસ નથી થયો. જેણે આપનો દરવાજો ખટખટાવ્યો, તે ખાલી હાથે પાછો ફર્યો નથી. આપ સખાવત કરવાવાળા છો. આપ સખાવતનું ઝરણું છો, અને આપના વાલિદ ફાસિક લોકો અને બદકારોને કતલ કરવાવાળા છે.)

એ વખતે આપ (અ.) નમાઝમાં હતા. આપ (અ.) નમાઝને સંક્ષેપમાં સમાપ્ત કરીને તે વ્યક્તિની પાસે આવ્યા અને તે નાદાર અને ફકીરનો પીળો પડી ગયેલો ચહેરો જોયો, તો કમ્બરને પૂછ્યું, "તમારી પાસે કેટલા પૈસા છે?" અરજ કરી, "એ જ બસ્સો દિરહમ કે જેની બાબતમાં આપે ફરમાવ્યું હતું કે બાળકોને આપી દેજો. આપ (અ.)એ ફરમાવ્યું, "એમના કરતાં વધારે જરૂરતમંદ આવી ગયો છે, તેથી લઈ આવો." કમ્બર લઈ આવ્યા અને સાઈલને આપી દીધા, અને સાઈલના અશ્આરના જવાબમાં આ અશ્આર પઢયા:

فَخُذْهَا فَاِنِّيْٓ اِلَيْكَ مُعْتَذِرٌ وَّاعْلَمْ بِاَنِّيْ عَلَيْكَ ذُوْ شَفَقَةٍ

(આ બક્ષિસને લઈ લો, હું તમારાથી શરમિંદો છું, જાણી લો કે મને તમારાથી મોહબ્બત છે અને હું તમારા પર મહેરબાન છું.)

અગર અમારા હાથમાં મોકો આવી ગયો, તો તમારા ઉપર અમારી બક્ષિસનો વરસાદ વરસશે, પરંતુ જમાનો બદલાતો રહે છે, અને અમારી પાસે (માલે) દુનિયા ઓછો છે.

એ એઅરાબીએ બક્ષિસને લઈ લીધી, અને આવું કહેતો કહેતો બહાર નીકળ્યો:

مُطَهَّرُوْنَ نَقِيَّاتٌ جُيُوْبُهُمْ تَجْرِى الصَّلَاةُ عَلَيْهِمْ اَيْنَمَا ذُكِرُوْا
وَاَنْتُمْ اَنْتُمُ الْاَعْلَوْنَ عِنْدَكُمْ عِلْمُ الْكِتَابِ وَمَا جَآءَتْ بِهِ السُّوَرُ
مَنْ لَّمْ يَكُنْ عَلَوِيًّا حِيْنَ تَنْسُبُهٗ فَمَا لَهٗ فِيْ جَمِيْعِ النَّاسِ مُفْتَخَرُ

(આપ અહલેબૈત (અ.)ને તહારત અને પાકીઝગીનો લિબાસ અને ખિલ્લત અતા થયેલ છે. જ્યાં પણ આપનું નામ લેવામાં આવે છે, ત્યાં આપના પર દુરૂદ મોકલવામાં આવે છે. આપ ઉન્નત મસ્તક છો. ઈલ્મે કિતાબ અને કુરઆનના સૂરા અને ખુદાની વહી આપના ઘરમાં ઊતરી છે. આ અનુસંધાને જે વ્યક્તિ પોતાને અલવી ન ગણતી હોય, તેની પાસે લોકોમાં ફખ્ર કરવા માટે વસ્તુ છે જ નહીં.) (ક્રમશ:)

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

100% કુદરતી અને રસાયણ મુક્ત

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

## "ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા"

### અમારા ત્યાં બનતા ઉત્પાદનો

| ઘાણીના તેલ | મસાલા | | ↓↓↓ |
|---|---|---|---|
| સિંગ તેલ (મગફળીનું તેલ) | પ્રીમિયમ મરચું પાઉડર | રેશમપટ્ટી મરચું પાઉડર | ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય |
| સરસવ તેલ, રાયડા તેલ | હોટ તેજા મરચું પાઉડર | પ્રીમિયમ હળદળ પાઉડર | |
| તલ તેલ, કોપરેલ તેલ | પ્રીમિયમ ધાણા જીરું | ધાણા પાઉડર | |
| બ્લેન્ડેડ હેર ઓઇલ | સિંધવ નમક | નેચરલ ચા પત્તી | |
| બ્લેન્ડેડ મસાજ ઓઇલ | | | |



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

વધુ માહિતી માટે સંપર્ક કરો: 83476 14814

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

# તહ્ઝીબુલ ઇસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

**પ્રકરણ–૨**

**પુરુષો અને સ્ત્રીઓએ ઘરેણાં પહેરવાં, સૂરમો લગાવવો, આઈનામાં જોવું અને ખિઝાબ લગાવવાના આદાબ**

**(૪) યાકૂત, ઝબરજદ (પન્ના/પીરોજ) અને ઝુમુર્રુદ (નીલમ)ની ફઝીલત**

ત્રણ મો'તબર હદીસોમાં હઝરત ઈમામ અલી ઈબ્ને મૂસા રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "યાકૂતની અંગૂઠી પહેરવાથી પરેશાની દૂર થાય છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત છે કે, "યાકૂત અને ઝબરજદની અંગૂઠી જમણા હાથમાં પહેરવી સુન્નત છે."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "નીલમની અંગૂઠી પહેરવાથી મુશ્કેલીઓ આસાન થાય છે."

બીજી હદીસમાં હઝરત ઈમામ રઝા (અ.)એ ઝબરજદની અંગૂઠી માટે પણ આ જ શબ્દો કહ્યા છે અને એમ પણ ફરમાવ્યું છે કે, "ઝબરજદની અંગૂઠી હાથમાં પહેરવાથી ગરીબાઈ અમીરાઈમાં બદલાઈ જાય છે." એમ પણ ફરમાવ્યું છે કે, "જે વ્યક્તિ પીળા યાકૂતની અંગૂઠી પહેરશે એ કદી ગરીબ નહીં થાય."

**(૫) ફીરોઝા અને જઝ્એ યમાનીની ફઝીલત**

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિ ફીરોઝાની અંગૂઠી પહેરશે, તે મોહતાજ થશે નહીં." હસન ઈબ્ને અલી ઈબ્ને મહેરાનથી નકલ કરવામાં આવ્યું છે કે, "હું હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)ની સેવામાં ગયો અને હઝરતની આંગળીમાં એક અંગૂઠી જોઈ. તેના પર ફીરોઝાનો નગીનો હતો અને એના પર લિલ્લાહિલ મુલ્કો કોતરાયેલું હતું. હું તેની તરફ વારંવાર જોતો રહ્યો, અહીં સુધી કે ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે, "શું જુઓ છો?" મેં અરજ કરી કે, "અમીરુલ મોમિનીન (અ.)ની અંગૂઠી ફીરોઝાની હતી અને તેના પર લિલ્લાહિલ મુલ્કો કોતરાયેલું હતું." ફરમાવ્યું, "તમે એને ઓળખો છો?" મેં અરજ કરી કે, "નહીં." ફરમાવ્યું, "આ તે જ અંગૂઠી છે અને આ નગીનો જિબ્રઈલે અમીન રસૂલલ્લાહ (સ.) માટે જન્નતમાંથી હદિયા તરીકે

લાવ્યા હતા. અને આંહઝરત (સ.)એ આ અંગૂઠી અમીરુલ મોમિનીન (અ.)ને આપી હતી, અહીં સુધી કે પેઢી દર પેઢી અમારા સુધી પહોંચી.""

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જઝ્એ યમાનીની અંગૂઠી પહેરવી શયતાનોના ફરેબથી બચાવે છે."

હઝરત ઈમામ રઝા (અ.)થી હઝરત અલી (અ.)ના કથન મુજબ નકલ કરવામાં આવ્યું છે કે, "એક દિવસ રસૂલે ખુદા (સ.) જઝ્એ યમાનીની અંગૂઠી પહેરીને ઘરમાંથી બહાર નીકળ્યા, અને અમારી સાથે નમાઝ પઢી અને જ્યારે નમાઝથી ફારેગ થયા, તો તે અંગૂઠી મને આપી અને ફરમાવ્યું કે, "આને જમણા હાથ પર પહેરીને નમાઝ પઢ્યા કરો. જઝ્એ યમાનીની સાથે નમાઝ સિત્તેર નમાઝોના બરાબર છે. આ નગીનો તસ્બીહ અને ઈસ્તિગ્ફાર કરતો રહે છે. અને તેનો સવાબ અંગૂઠી પહેરવાવાળા માટે લખવામાં આવે છે.""

અલી ઈબ્ને મોહંમદ ઝમીરી કહે છે કે, "મેં જાફર ઈબ્ને મહેમૂદની દીકરીથી લગ્ન કર્યાં અને મને તેનાથી ઘણી મોહબ્બત હતી. પરંતુ તેનાથી ઓલાદ થતી ન હતી. મેં હઝરત ઈમામ અલી નકી (અ.)ની સેવામાં હાજર થઈને અરજ કરી, હઝરત (અ.) મુસ્કુરાયા અને ઈર્શાદ ફરમાવ્યો કે, "અંગૂઠી ફીરોઝાની લઈ લે અને તેના પર

رَبِّ لَا تَذَرْنِیْ فَرْدًا وَّاَنْتَ خَیْرُ الْوٰرِثِیْنَ ﴿۸۹﴾

નકશ કરાવી લે." આ હુકમની બરકતથી એક વર્ષ પણ પસાર થયું ન હતું કે તેનાથી દીકરો જન્મ્યો."

હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "પરવરદિગારે આલમ ઈર્શાદ ફરમાવે છે કે, "જેના હાથમાં અકીક અને ફીરોઝાની અંગૂઠી હોય, અને તે હાથ મારી આગળ દુઆના માટે લંબાવવામાં આવે, તો મને તેનાથી શરમ આવે છે અને હું તેને નિરાશ પાછો ફરવા દેતો નથી.""

**(૬) દુર્રે નજફ, બિલ્લોર, હદીદે ચીની અને બીજા નગીનાઓની ફઝીલત**

મો'તબર સનદથી મુફઝ્ઝલ ઈબ્ને ઉમરથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં એક દિવસ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની સેવામાં દુર્રે નજફની અંગૂઠી પહેરેલી હતી. હઝરત (અ.)એ ફરમાવ્યું કે, "અય મુફઝ્ઝલ! આ નગીનાને જોવાથી મોમિનીન અને મોમિનાતને ખુશી પ્રાપ્ત થાય છે અને તેની આંખોનું દર્દ દૂર થાય છે, અને મને દરેકના માટે આ વાત પસંદ છે કે પાંચ અંગૂઠીઓ પોતાના હાથમાં રાખે. પ્રથમ યાકૂતની કે જે સૌથી શ્રેષ્ઠ છે. બીજી અકીકની કે તે ખુદાએ તઆલા અને અમ અહલેબૈત (અ.)ના માટે નિખાલસ નગીનો છે. ત્રીજી ફીરોઝાની અંગૂઠી કે જે આંખોને શક્તિ આપે છે, અને છાતીને વિસ્તૃત કરે છે અને હૃદયને શક્તિ પહોંચાડે છે. અને જ્યારે બંદો કોઈ કામ માટે જવા નીકળે અને તેને પહેરીને જાય, તો તેની હાજત પૂરી થઈ જાય છે. ચોથી અંગૂઠી હદીદે ચીનીની, પરંતુ હું

તેના વિષયમાં એ વાત પસંદ કરતો નથી કે તેને દરેક સમયે પહેરેલી રાખે. પરંતુ કોઈ વ્યક્તિના શરથી ડરતો હોય અને તેની મુલાકાતના માટે જાય, તો તેને પહેરીને જાય તો તેના શરથી સુરક્ષિત રહેશે, અને કેમ કે હદીદે ચીની શયતાનને દૂર કરે છે એટલા માટે તેને પાસે રાખવી યોગ્ય છે. પાંચમી અંગૂઠી એ મોતીની કે જેને ખુદાએ તઆલાએ નજફે અશરફમાં પેદા કરેલ છે. જે વ્યક્તિ તેને હાથમાં પહેરે, તો અલ્લાહ તઆલા દરેક નજરના બદલામાં કે જે એના પર કરવામાં આવે ઝિયારત, ઉમરા, અને હજનો સવાબ તેના નામાએ આમાલમાં લખશે. તેનો સવાબ નબીઓ અને સદાચારીઓના જેટલો લખવામાં આવશે. અને જો ખુદા તઆલા મારા શીઆઓ પર દયા ન ખાતો, તો દુર્રે નજફનો એકે એક નગીનો મોટી મોટી કિંમત ધરાવતો, પરંતુ અલ્લાહ તઆલાએ એમના માટે નગીનાને સસ્તો કરી દીધો છે કે જેથી અમીર અને ગરીબ બધા પહેરી શકે.""

અબૂ તાહિર કહે છે કે, "મેં આ હદીસ હઝરત ઈમામ હસન અસ્કરી (અ.)ની સેવામાં અરજ કરી, તો આપ (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, "આ હદીસ મારા દાદા હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની છે." મેં અરજ કરી કે, "આપ તો લાલ અકીકથી વધારે સારી કોઈને સમજતા નથી." ફરમાવ્યું, "હા, તેની ફઝીલત વધારે છે, જેથી મારા વાલિદે બુઝુર્ગવારે ખબર આપી છે કે પ્રથમ નગીનો કે જે હઝરત આદમ (અ.)એ પહેર્યો, તે અકીક હતો. હઝરત આદમ (અ.)એ અર્શે આ'લા પર નૂરથી આવું લખેલું જોયું હતું:

اَنَا اللّٰهُ لَآ اِلٰهَ اِلَّآ اَنَا وَحۡدِیۡ، مُحَمَّدٌ صَفۡوَتِیۡ مِنۡ خَلۡقِیۡ، اَيَّدۡتُّهٗ
بِاَخِيۡهِ عَلِيٍّ وَّنَصَرۡتُهٗ بِهٖ وَبِفَاطِمَةَ وَالۡحَسَنِ وَالۡحُسَيۡنِ

(હું ખુદા છું, મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને મોહંમદ (સ.) મારી મખ્લૂકમાંથી મારા પસંદ થયેલા છે, જેમની મદદ મેં અલી અને ફાતેમા અને હસન અને હુસૈનના વડે કરી છે.)

જ્યારે એમનાથી તર્કે ઔલા થયું, એટલે કે એ ઝાડનું ફળ ખાઈ લીધું કે જેની અલ્લાહ તઆલાએ મનાઈ ફરમાવી હતી, તો તેમને જમીન પર મોકલવામાં આવ્યા. તો તેમણે આ મુબારક નામોના વસીલાથી અલ્લાહથી દુઆ માગી. અને અલ્લાહે દુઆ કબૂલ ફરમાવી. તો હઝરત આદમ (અ.) એ ચાંદીની અંગૂઠી બનાવી અને લાલ અકીકનો નગીનો (કે જેના પર પાક નામો કોતરાયેલાં હતાં) મઢાવીને જમણા હાથ પર પહેરી લીધી, જેથી આ સુન્નત કાયમ થઈ અને ઓલાદે આદમમાં જેટલા પરહેઝગાર છે, બધા તેના પર અમલ કરે છે.""

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવી છે કે, "બિલ્લોરનો નગીનો ઘણો જ સારો છે."

હુસૈન ઈબ્ને અબ્દિલ્લાહથી નકલ કરવામાં આવ્યું છે કે, "મેં હઝરત ઈમામ અલી નકી (અ.) થી આ સવાલ કર્યો કે, "ઝમઝમના કૂવામાંથી જે પત્થરના ટુકડા નીકળે છે, એમની અંગૂઠી પહેરવી સારી છે?" ફરમાવ્યું, "હા, પરંતુ જો ડાબા હાથ પર હોય તો પાયખાને જતી વખતે ઉતારી દે.""

# મીઝાન પ્રિન્ટપેક

## બોક્સ મેન્યુફેક્ચરિંગ

**પ્રોડક્ટ ફોટોગ્રાફી** **ડિઝાઈનિંગ**




**મીઝાન પ્રિન્ટપેક નીચેના ઉદ્યોગો માટે કસ્ટમ પેકેજિંગ તૈયાર કરે છે :**

- ☑ ફૂડ, બેકરી & મીઠાઈ
- ☑ ઈ-કોમર્સ & શિપિંગ
- ☑ એપરલ, લક્ઝરી & ગિફ્ટ
- ☑ પરફ્યુમ & અત્તર
- ☑ ફાર્માસ્યુટિકલ & હેલ્થકેર
- ☑ ઈન્ડસ્ટ્રીયલ & ઓટોમોટિવ
- ☑ એફએમસીજી & રિટેલ
- ☑ ઈલેક્ટ્રોનિક્સ & ગેજેટ

**અખ્લાકઅહેમદ એસ. હાજી** +91 94268 22332
**મોહંમદહુસૈન એ. વાઘ** +91 96384 89440
**અસગરઅલી એ. ખણુંશીયા** +91 94085 89516

અલીફ રેસ્ટોરેન્ટની બાજુમાં, કલકત્તા ગ્લાસ & મોટર્સની પાછળ,
R. T. O. બાયપાસ રોડ, હિંમતનગર - 383001

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

**અલ્લાહ**

એવું કહી શકાય કે ઈસ્લામ નાઝિલ થવાનું વિશેષ કારણ ખુદા — જેને અરબીમાં અલ્લાહ કહેવાય છે — તેની ઝાતની પ્રકૃતિના સંપૂર્ણ ને સઘળા સિદ્ધાંતોને રજૂ કરવા છે. દરેક અધિકૃત ધર્મે ઈલાહી વહદાનિયતને અને તેની અનંત હકીકતનાં વિવિધ પાસાંને ઉજાગર કરવાની કોશિશ કરી છે, કેટલાકે એક પાસા પર ભાર મૂકીને તો કેટલાકે અન્ય પાસા પર ભાર મૂકીને. પરંતુ ઈસ્લામે માનવભાષાની વર્ણનશકિતનો શકય હદે ઉપયોગ કરી ઈલાહી પ્રકૃતિના સઘળા સિદ્ધાંતોને રજૂ કરવાનો પ્રયાસ કર્યો.

અલ્લાહ, કે જે ઉચ્ચ હકીકત છે, તે એક જ સમયે ખુદા અને ખુદાઈ છે, એક જ સમયે ગુણાતીત (ભૌતિક વિશ્વની મર્યાદાઓથી પર) અને અમર છે, માણસથી અનંત રીતે બુલંદ અને અનંત રીતે નજીક છે, મહાન અને રહમત વરસાવનારો છે. તે મુત્લક, અનંત, અને દરેક નેકીનો સ્રોત છે. તે જ સઘળી વસ્તુઓની શરૂઆત અને અંત છે. તે ખાલિક, રાઝિક અને કાએનાતનો અંત આણનારો છે, એ અર્થમાં કે તેની તરફથી જ છે જીવન અને મોત. સઘળી વસ્તુઓ તેની તરફ જ રજૂ થનારી છે, સઘળી સારી બાબતો કે જેને આપણે કાએનાતમાં નિહાળીએ છીએ, જેવી કે, સુંદરતા, ભલાઈ, શકિત, એ તેની તરફથી જ અસ્તિત્વમાં આવી છે. અને તે કેવળ કાએનાતમાં અસ્તિત્વ ધરાવનારી સઘળી વસ્તુઓનો જ સ્રોત નથી, બલ્કે તેમની ખાસિયતોનો પણ સ્રોત છે.

ખુદા વિષેના ઈસ્લામી અકાઈદમાં સૌથી વધારે તેની વહદાનિયત પર ભાર મૂકવામાં આવે છે. “આપ કહી દો! અલ્લાહ અહદ (એક) છે.”[1]

1 સૂરા ઈખ્લાસ, આયત–૧

એવો એક કે "જે ન તો કોઈને જન્મ આપે છે, કે ન તો તેને જન્મ આપવામાં આવ્યો છે."[1] તેને એવા કોઈ સંબંધમાં જોડી શકાતો નથી કે જે એક કે બીજી રીતે તેની સંપૂર્ણતામાં આડે આવે. એવો એક કે જેના જેવો કોઈ નથી, "અને કોઈ એક પણ તેનો કુફૂ (સમોવડિયો) થઈ શકતો નથી."[2] અને એવો એક કે જે અવિભાજ્ય છે. અલ્લાહની આ વહદાનિયત કે જેના પર કુરઆને મજીદમાં ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે, તેનાથી મુરાદ અલ્લાહની 'ઝાત' છે. જો કે, અલ્લાહ જુદાં જુદાં નામો અને સિફતો પણ ધરાવે છે. કુરઆન પોતે પણ ખુદાનો કેવળ 'અલ્લાહ' કે 'હુવ' તરીકે નિર્દેશ નથી કરતું, બલ્કે તે વારેઘડીએ તેનો રહમતના સ્રોત, મગ્ફેરત કરનાર, રોજી આપનાર, સઘળું જાણનાર, સાંભળનાર, જોનાર, વગેરે તરીકે પણ નિર્દેશ કરે છે. આ નામો કે જેમને કુરઆન અલ્લાહના અસ્માઉલ હુસ્ના (અતિસુંદર નામો) કહે છે, તે એ ઝરીઆઓ છે કે જેમના વડે અલ્લાહ પોતાને મનુષ્યજાત પર જાહેર કરે છે.

ખુદાના મહાન નામ 'અલ્લાહ'ની જેમ, આ બધાં નામ પણ કુરઆન અને અહાદીસમાં અરબી ભાષામાં જોવા મળે છે અને અલ્લાહનાં પવિત્ર નામ છે. અને આ જ નામો વડે મુસલમાનોને અલ્લાહ આગળ દુઆ માગવાનું કહેવામાં આવ્યું છે; જેમ કે, કુરઆનની આ મશહૂર આયતમાં તે વિષે આ રીતે આવ્યું છે, ''અને અલ્લાહનાં જ છે સઘળાં અતિસુંદર નામ; અને તમે તેના વડે જ તેનાથી દુઆ માગો.'' આ ઈલાહી નામોનું એક આખું વિજ્ઞાન છે, જે વાસ્તવમાં સઘળાં ઈસ્લામી ઉલૂમના પાયામાં રહેલું છે. પછી ભલે ને તે ઈલ્મે કલામ હોય, કે ઈલ્મે ફિકહ હોય કે ઈલ્મે ફલસફા હોય. મુસ્લિમ મુફક્કિરોએ સદીઓ સુધી ઈલાહી નામો પર ઘણી કિતાબો લખી છે. જેમાં સૌથી મશહૂર કિતાબ ગઝાલીની છે, જે આખીય ઈસ્લામી દુનિયામાં જાણીતી છે. અલ્લાહનું દરેક નામ તેની ઝાત સિવાય અન્ય કાંઈ જ નથી, તેથી તે દરેકેદરેક નામ તેની ઝાત તરફનો એક રસ્તો છે, અને તેની ઈલાહી પ્રકૃતિના એક ચોક્કસ પાસાને ઉજાગર કરે છે.

પરંપરાગત મુસ્લિમ તજજ્ઞોએ આ નામોને બે જૂથમાં વહેંચ્યાં છે: 'અસ્માઉલ જમાલ' (સુંદરતાવાળાં નામ) અને 'અસ્માઉલ જલાલ' (પ્રબળતાવાળાં નામ). અલ્લાહનાં તે પાસાં (સિફતો) કે જે તેની રહમત અથવા તેની મગ્ફેરત સાથે સંકળાયેલાં છે તેનો સમાવેશ પહેલા જૂથમાં થાય છે; જેમ કે, અલ–રહમાન, કે જે હકીકતમાં ઈલાહી ઝાતનું કુરઆનમાં જ ઉલ્લેખિત એક નામ છે. કહી શકાય કે, તમામ મખ્લૂકાત આ જ નામના પરિણામે અસ્તિત્વમાં આવી છે, અને કુરઆન પોતે પણ હકીકતમાં આ જ નામથી શરૂ થાય છે, કારણ કે દરેક સૂરો આ વાકયથી શરૂ થાય છે,

1 સૂરા ઈખ્લાસ, આયત–૩
2 સૂરા ઈખ્લાસ, આયત–૪

"અલ્લાહના નામ વડે કે જે રહમાન અને રહીમ છે." (અહીં ઉલ્લેખિત) 'અલ–રહમાન' અને 'અલ–રહીમ' બન્ને ઈલાહી રહમતથી સંબંધિત નામો છે, આ સિવાય 'અલ–કરીમ' એટલે કે મહેરબાન, અને 'અલ–ગફૂર' એટલે કે મગ્ફેરત કરનારો, વગેરે પણ ઈલાહી રહમતથી સંબંધિત નામો છે. આ પ્રકારનાં નામો ઈલાહી રહમતને સૂચવે છે, અને તેમનો સમાવેશ 'અસ્માઉલ જમાલ'માં થાય છે. આનાથી વિપરિત, એવાં નામ કે જેમનો સંબંધ ન્યાય, ચૂકાદા અને કઠોરતાની સાથે છે જેમ કે, અલ–આદિલ એટલે કે અદ્લ કરનારો, અને 'સરીઉલ હિસાબ' એટલે કે ઝડપથી માણસનો હિસાબ કરનારો, વગેરેનો સંબંધ ઈલાહી જલાલ (પ્રબળતા)ની સાથે છે, તેથી તેમનો સમાવેશ 'અસ્માઉલ જલાલ'માં થાય છે.

જલાલી અને જમાલી બન્ને નામો આ દુનિયામાં પ્રગટ થતાં જોવા મળે છે. તેથી જ આપણું જીવન પણ કઠોરતા અને રહમતથી વણાયેલું છે, અને ઈસ્લામ જીવનમાં એક તરફ અલ્લાહના અદ્લના મહત્ત્વ પર ભાર મૂકે છે, તો બીજી તરફ તેની મગ્ફેરતના મહત્ત્વ પર. એક તરફ તેના ગઝબને હમેશાં યાદ રાખવાનું કહે છે તો બીજી તરફ મખ્લૂક પ્રત્યેના તેના હેતને. તે આપણું દરેક કાર્ય જુએ છે અને તે પ્રમાણે આપણો ફેંસલો કરે છે. તો બીજી તરફ જ્યારે આપણે તોબા કરી તેની તરફ પાછા પલટીએ છીએ, તો તે આપણી ઉપર રહમ પણ કરે છે. (ક્રમશ:)


**આપને જણાવતા ખુશી અનુભવીએ છીએ કે અમારું નવીન સાહસ "હદિયા ગિફ્ટ & પરફ્યુમ" શોપમાં હજ, ઉમરાહ અને ઝિયારત માટે જરૂરી વસ્તુઓ તેમજ મુસાફરી માટેનો જરૂરી દરેક સમાન વાજબી ભાવે મળી રહેશે.**

Hādiya
Gift & Perfume

- કુરઆન પેટી
- ટોપી
- ઝમઝમનું પાણી / બોટલ
- અત્તર & પરફ્યુમ
- ટ્રાવેલ બેગ
- એહરામ
- તસ્બીહ
- મુસલ્લા / ટ્રાવેલ મુસલ્લા
- ખાકે શિફા
- ગીફ્ટ આર્ટિકલ

**લક્ઝુરા આર્કેડ, મક્તબા જાફરિયાની પાસે,**
**સેદ્રાણા-સ્ક્વેર, સેદ્રાણા, તા. સિધ્ધપુર,**
**જી. પાટણ (ગુજરાત) - 384151**

કડીવાલ મોહંમદઅલી ઇબ્રાહીમભાઇ
(સેદ્રાણાવાળા)
**+91 75675 18404**
**+91 81403 60530**


Naturry®
THE NATURAL WAY
વરાળીયા ઈન્ટરનેશનલ, વેળાવાપુરા, ૩૮૫૫૩૫, ગુજરાત ,ભારત.
8732960530
varaliyainternational@gmail.com
www.naturry.in
Coconut Oil
AVAILABLE
1 Ltr. | 500ml | 250ml | 100ml | 50ml
Available in : 250ml
Hot Processed Virgin Coconut Oil
HOT PROCESSED VIRGIN COCONUT OIL
SKIN FOOD
DIAPER RASHES
ANTI DANDRUFF
COCONUT SUGAR
Available in : 100ml
Available in : 500gm
Available in : 120ml
Premium Natural Hair Oil
Available in : 100ml

# ઈબાદાત

## માહે શવ્વાલુલ મુકર્રમના આમાલ

**પહેલી શવ્વાલની રાત:**

પહેલી શવ્વાલની રાત બરકતવાળી રાતોમાંથી છે. તેની ફઝીલત, રાત્રીજાગરણ, ઈબાદત અને સવાબ સંબંધિત ઘણી બધી હદીસો વારિદ થઈ છે. રિવાયતમાં છે કે આ રાત મર્તબામાં શબે કદ્રથી કંઈ કમ નથી, અને એમાંના થોડાક આમાલ નીચે મુજબ છે:

(૧) સૂર્ય આથમે તે વખતે ગુસ્લ કરે.

(૨) નમાઝ, દુઆ, ઈસ્તિગ્ફાર અને અલ્લાહ આગળ હાજતો તલબ કરે અને મસ્જિદમાં જાગીને રાત પસાર કરે.

(૩) નમાઝે મગરિબ, ઈશા, ફજ્ર અને નમાઝે ઈદ પછી આ તકબીરો પઢે:

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ وَلِلّٰهِ الْحَمْدُ، اَلْحَمْدُ لِلّٰهِ
عَلٰى مَا هَدَانَا وَلَهُ الشُّكْرُ عَلٰى مَآ اَوْلٰنَا

(૪) મગરિબની વાજિબ અને નાફેલા નમાઝ પછી હાથ બુલંદ કરીને આ મુજબ પઢે:

يَا ذَا الْمَنِّ وَالطَّوْلِ يَا ذَا الْجُوْدِ يَا مُصْطَفِيَ مُحَمَّدٍ وَّنَاصِرَهٗ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاغْفِرْ
لِيْ كُلَّ ذَنْبٍ اَحْصَيْتَهٗ وَهُوَ عِنْدَكَ فِيْ كِتَابٍ مُّبِيْنٍ

પછી સજદાની હાલતમાં એકસો વખત اَتُوْبُ اِلَى اللّٰهِ પઢે. એના પછી પોતાની જે હાજત હોય તે માગે.

નમાઝે મગરિબથી ફારેગ થયા પછી સજદામાં જઈ આ મુજબ પઢે.

يَا ذَا الْحَوْلِ يَا ذَا الطَّوْلِ يَا مُصْطَفِيًا مُّحَمَّدًا وَّنَاصِرَهٗ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّاغْفِرْلِيْ كُلَّ
ذَنْبٍ اَذْنَبْتُهٗ وَنَسِيْتُهٗ اَنَا وَهُوَ عِنْدَكَ فِيْ كِتَابٍ مُّبِيْنٍ

ત્યાર પછી એકસો વખત اَتُوْبُ اِلَى اللّٰهِ પઢે.

(૫) ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢે, તેની ફઝીલત ઘણી વધારે છે.

(૬) બે રકાત નમાઝ પઢે. પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી એક હજાર વખત સૂરા તોહીદ પઢવો, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી એક વખત સૂરા તોહીદની કિરઅત કરવી. નમાઝની સલામ પૂરી કર્યા પછી સજ્દામાં જઈને બસો વખત આ મુજબ પઢે:

اَتُوْبُ اِلَى اللّٰهِ

પછી આ પઢે:

يَا ذَا الْمَنِّ وَالْجُوْدِ يَا ذَا الْمَنِّ وَالطَّوْلِ يَا مُصْطَفِيَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهٖ وَافْعَلْ بِيْ كَذَا وَكَذَا

وَافْعَلْ بِيْ كَذَا وَكَذَا ના બદલે પોતાની હાજતો માગવી.

(૭) ચૌદ રકાત નમાઝ બજાવી લાવે કે જેમાં દરેક રકાતમાં સૂરા હમ્દ અને આયતુલ કુરસી પછી ત્રણ વખત સૂરા તોહીદ પઢે કે જેથી તેને દરેક રકાતના બદલામાં ૪૦ વર્ષની ઈબાદતનો સવાબ મળે. વળી, એવા માણસના સવાબ જેટલો સવાબ મળે કે જેણે માહે રમઝાનના પૂરા રોઝા રાખ્યા હોય અને ઈબાદત કરી હોય.

**પહેલી શવ્વાલનો દિવસ:**

ઈદુલ ફિત્રના દિવસના કેટલાક આમાલ નીચે મુજબ છે:

(૧) ફજ્રની નમાઝ અને નમાઝે ઈદ પછી એ તકબીરો પઢો કે જે શબે ઈદના આમાલમાં બતાવવામાં આવેલી છે.

(૨) નમાઝે ફજ્ર અથવા નમાઝે ઈદ પછી આ દુઆ પઢવી કે જેની રિવાયત સૈયદ ઈબ્ને તાઊસે કરી છે. તેની શરૂઆત આ મુજબ છે:

اَللّٰهُمَّ اِنِّيْ تَوَجَّهْتُ اِلَيْكَ بِمُحَمَّدٍ اَمَامِيْ...

(૩) નમાઝે ઈદના પહેલાં ઘરના બધા નાના મોટા માણસો તરફથી ઝકાતે ફિત્રા અદા કરે.

(૪) ગુસ્લ કરે અને બહેતર છે કે નહેરમાં ગુસ્લ કરવામાં આવે. તેનો સમય સૂર્ય ઊગવાથી માંડીને નમાઝે ઈદ પઢવા પહેલાં સુધીનો છે. ગુસ્લ કરતાં આ મુજબ પઢે:

اَللّٰهُمَّ اِيْمَانًا بِكَ وَتَصْدِيْقًا بِكِتَابِكَ وَاتِّبَاعَ سُنَّةِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ

બિસ્મિલ્લાહ પઢીને ગુસ્લ કરે અને ગુસ્લ કર્યા પછી આ મુજબ પઢે:

اَللّٰهُمَّ اجْعَلْهُ كَفَّارَةً لِّذُنُوْبِيْ وَطَهِّرْ دِيْنِيْ اَللّٰهُمَّ اَذْهِبْ عَنِّي الدَّنَسَ

(૫) ઉમદા પોશાક પહેરે અને ખુશબૂ લગાવે, મક્કા મુકર્રમા સિવાય કોઈ બીજી જગ્યાએ હોય તો નમાઝે ઈદ જંગલમાં ખુલ્લા આસમાનની નીચે અદા કરે.

(૬) નમાઝે ઈદના પહેલા દિવસની શરૂઆતમાં ઈફતારી કરે અને બહેતર છે કે ખજૂર અથવા મીઠાઈથી હોય.

(૭) જ્યારે નમાઝે ઈદ માટે તૈયાર થઈ જાય તો સૂર્ય ઊગ્યા પછી ઘરમાંથી નીકળે અને આ દુઆ પઢે:

اَللّٰهُمَّ مَنْ تَهَيَّاَ فِيْ هٰذَا الْيَوْمِ اَوْ تَعَبَّاَ اَوْ اَعَدَّ وَاسْتَعَدَّ لِوِفَادَةٍ اِلٰى مَخْلُوْقٍ رَّجَآءَ رِفْدِهٖ وَنَوَافِلِهٖ وَفَوَاضِلِهٖ وَعَطَايَاهُ فَاِنَّ اِلَيْكَ يَا سَيِّدِيْ تَهْيِئَتِيْ وَتَعْبِئَتِيْ وَاِعْدَادِيْ وَاسْتِعْدَادِيْ رَجَآءَ رِفْدِكَ وَجَوَآئِزِكَ وَنَوَافِلِكَ وَفَوَاضِلِكَ وَفَضَآئِلِكَ وَعَطَايَاكَ وَقَدْ غَدَوْتُ اِلٰى عِيْدٍ مِّنْ اَعْيَادِ اُمَّةِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَوَاتُ اللهِ عَلَيْهِ وَعَلٰى اٰلِهٖ وَلَمْ اَفِدْ اِلَيْكَ الْيَوْمَ بِعَمَلٍ صَالِحٍ اَثِقُ بِهٖ قَدَّمْتُهٗ وَلَا تَوَجَّهْتُ بِمَخْلُوْقٍ اَمَّلْتُهٗ وَلٰكِنْ اَتَيْتُكَ خَاضِعًا مُّقِرًّا بِذُنُوْبِيْ وَاِسَآءَتِيْۤ اِلٰى نَفْسِيْ فَيَا عَظِيْمُ يَا عَظِيْمُ يَا عَظِيْمُ اِغْفِرْ لِيَ الْعَظِيْمَ مِنْ ذُنُوْبِيْ فَاِنَّهٗ لَا يَغْفِرُ الذُّنُوْبَ الْعِظَامَ اِلَّاۤ اَنْتَ يَا لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنْتَ يَاۤ اَرْحَمَ الرَّاحِمِيْنَ

(૮) ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢે.

(૯) દુઆએ નુદબા પઢે. દુઆ પઢ્યા પછી સજ્દામાં માથું રાખીને આ મુજબ પઢે:

اَعُوْذُبِكَ مِنْ نَّارٍ حَرُّهَا لَا يُطْفٰى وَجَدِيْدُهَا لَا يُبْلٰى وَعَطْشَانُهَا لَا يَرْوٰى

પછી જમણો ગાલ સજ્દાગાહ પર મૂકીને આ મુજબ પઢે:

اِلٰهِيْ لَا تُقَلِّبْ وَجْهِيْ فِي النَّارِ بَعْدَ سُجُوْدِيْ وَتَعْفِيْرِيْ لَكَ بِغَيْرِ مَنٍّ مِّـنِّيْ عَلَيْكَ بَلْ لَّكَ الْمَنُّ عَلَيَّ

પછી ડાબો ગાલ સજ્દાગાહ પર મૂકીને પઢે:

اِرْحَمْ مَّنْ اَسَآءَ وَاقْتَرَفَ وَاسْتَكَانَ وَاعْتَرَفَ

પછી ફરીથી સજ્દામાં જઈને આ મુજબ પઢે:

اِنْ كُنْتُ بِئْسَ الْعَبْدُ فَاَنْتَ نِعْمَ الرَّبُّ عَظُمَ الذَّنْبُ مِنْ عَبْدِكَ فَلْيَحْسُنِ الْعَفْوُ مِنْ عِنْدِكَ يَا كَرِيْمُ

પછી એકસો વખત આ મુજબ પઢે:

اَلْعَفْوَ


MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે
માર્વેલ જવેલર્સની લોકપ્રિયતાનાં આધારસ્તંભ
સંપૂર્ણ પારદર્શિતા
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
વર્ષોનો વિશ્વાસ
વ્યાજબી કિંમત નીતિ
ડિઝાઈન ઓપ્શન્સ
જોગેશ્વરી
દુ.નં. 3/એ, હરચુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ, છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
HAYATT JEWELLERS - અડાજણ પાટીયા, સુરત +91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com

# હબીબ ઈબ્ને મુઝાહિર અસદી (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

મૌલા અલી (અ.), ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.[1]

આપ (અ.) એક રિવાયત પ્રમાણે મૌલા અલી (અ.)ની 'શુર્તતુલ ખમીસ' ટુકડીના સભ્ય હતા,[2] અને રસૂલલ્લાહ (સ.)નો પણ દીદાર કર્યો હતો.[3] અને આપ (અ.) રબીઆ ઈબ્ને હૂત ઈબ્ને રિઆબના કાકાના દીકરા ભાઈ થતા હતા, જેમનો લકબ અબૂ સૌર હતો, જેઓ ફારસના શાયર હતા.[4]

**ગુણો અને ખાસિયતો:**

મીસમે તમ્માર અને રુશૈદ હજરીની જેમ હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) પણ હઝરત અમીરુલ મોમિનીન (અ.)ના તે ખાસ સહાબીઓમાં શામિલ હતા કે જેમને ઈમામ (અ.)એ ખાસ રીતે બાતિનનું ઈલ્મ શિખવાડ્યું હતું, જેના આધારે તેમણે એકબીજાને શહાદતની ભવિષ્યવાણી કરી હતી.

એક વખતે હઝરત મીસમે તમ્માર (રઝી.) પોતાના ઘોડા પર બેસીને જઈ રહ્યા હતા. આપ (અ.)નો ભેટો બની અસદની બેઠકની સામે હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)ની સાથે થયો, જેથી બન્ને એકબીજાથી વાત કરવા લાગ્યા. હઝરત હબીબ (અ.)એ ફરમાવ્યું કે, "જાણે કે વાદળી ઘરની બાજુમાં એક આધેડ ઉંમરના ઓછા વાળવાળા અને મોટા પેટવાળા તડબૂચને ખરીદી રહ્યા છે, જેમને પોતાના નબી (સ.)ની અહલેબૈત (અ.)ની મોહબ્બતમાં શૂળી પર ચઢાવવામાં આવશે, અને લાકડી પર તેમના પેટને ચીરી દેવામાં આવશે." ત્યારે હઝરત મીસમ (રઝી.)એ પણ ફરમાવ્યું કે, "હું એવા માણસને ઓળખું છું કે જેમના વાળની બે લટો લાલ છે, જેઓ પોતાના નબી (સ.) નાં બેટીના ફરઝંદની મદદ માટે બહાર નીકળશે અને શહીદ થઈ જશે, અને તેમના સરને કૂફામાં ફેરવવામાં આવશે." પછી આ બન્ને એકબીજાથી અલગ થઈ ગયા. ત્યારે બની અસદની બેઠકમાં બેઠેલા લોકો કહેવા લાગ્યા કે, "અમે આ બન્ને કરતાં વધારે જુઠ્ઠા કોઈને જોયા નથી." એવામાં રુશૈદ હજરી ત્યાં આવ્યા, અને તે બન્ને વિષે પૂછવા લાગ્યા, તો તેમણે જવાબ આપ્યો કે, "તે બન્ને અહીંથી જતા રહ્યા છે અને અમે તેમનાથી

1 મુઅજમ રિજાલિલ હદીસ, જિલ્દ–૫, સફહા–૨૦૨
2 મુઅજમ રિજાલિલ હદીસ, જિલ્દ–૫, સફહા–૨૦૨
3 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન, સફહા–૧૦૦; અલ–ઈસાબા, જિલ્દ–૨, સફહા–૧૪૨
4 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન, સફહા–૧૦૦

આવી આવી વાતો સાંભળી." ત્યારે હઝરત રુશૈદ (રઝી.)એ ફરમાવ્યું કે, "અલ્લાહ મીસમ પર રહમ કરે, તેમણે એક વાતનો ઉલ્લેખ ન કર્યો કે તેમના સરની કિંમત ૧૦૦ દિરહમ રાખવામાં આવશે." આટલું કહીને તેઓ ત્યાંથી જતા રહ્યા, ત્યારે તે લોકો કહેવા લાગ્યા કે, "અલ્લાહની કસમ, આ તો તે બન્ને કરતાંય વધારે જુઠ્ઠા છે." તે લોકો કહે છે કે, "સમય પસાર થવા લાગ્યો, અને મીસમ (રઝી.) ને અમ્ર ઈબ્ને હુરૈસના ઘરની સામે સૂળી પર ચઢાવી દેવામાં આવ્યા અને હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) ના સર મુબારકને લાવવામાં આવ્યું, જેઓ હુસૈન (અ.)ની સાથે શહીદ થઈ ગયા અને તે બન્નેએ જેવું કહ્યું હતું, તેવું જ થયું."[1]

રિવાયતમાં છે કે આપ (અ.) ઈબાદતગુઝાર, પરહેઝગાર, મુત્તકી, અલ્લાહની હદોનું હંમેશાં ધ્યાન રાખનારા હતા અને કુરઆનના હાફિઝ હતા, અને નમાઝે ઈશાથી કુરઆન પઢવાની શરૂઆત કરતા અને તુલૂએ ફજ્ર સુધીમાં એક આખું કુરઆન પૂરું કરી દેતા હતા.[2]

**કૂફા તરફથી પહેલો પત્ર:**

જ્યારે મુઆવિયાનો ઈન્તેકાલ થઈ ગયો, તો તેની ખબર કૂફામાં પહોંચી અને કેટલાક લોકોના દિમાગમાં ઈમામ હુસૈન (અ.)ને કૂફામાં બોલાવવાની વાત આવી, તો સુલયમાન ઈબ્ને સર્દ ખુઝાઈના ઘરમાં કૂફાના શીઆઓ ભેગા થયા, જેમાં ઈમામ હુસૈન (અ.)ના મક્કામાં આવવાની વાતનો ઉલ્લેખ થયો. આ બેઠકમાં હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) પણ હતા, અને એક ઈઝ્ઝતદાર માણસની હેસિયત રાખતા હતા, એટલા જ માટે જે પહેલો પત્ર લખવામાં આવ્યો, તેમાં બીજા નામચીન લોકોની સાથે સાથે આપ (અ.)નો પણ ઉલ્લેખ થયો હતો, જે આ મુજબ હતો:

"શરૂ અલ્લાહના નામથી કે જે રહમાન અને રહીમ છે, હુસૈન ઈબ્ને અલી (અ.)ના માટે સુલયમાન ઈબ્ને સર્દ ખુઝાઈ, મુસય્યબ ઈબ્ને નજ્બા, રિફાઆ ઈબ્ને શદ્દાદ, હબીબ ઈબ્ને મુઝાહિર અને કૂફાના બીજા કેટલાક મુસલમાન અને મોમિન શીઆઓ તરફથી..."[3]

આ વાત સ્પષ્ટ છે કે આખી બેઠકમાં જે લોકો ઈજ્જતદાર હતા અને ઈમામ હુસૈન (અ.) ની સાથે જેમનો ખાસ સંબંધ હતો, તેમનાં જ નામ સ્પષ્ટતાની સાથે ઉલ્લેખાયાં છે અને બીજા માણસોનાં નામ 'કૂફાના બીજા કેટલાક મુસલમાન અને મોમિન શીઆઓ' તરીકે લેવામાં આવ્યાં છે. જેમાંથી સુલયમાન ઈબ્ને સર્દ ખુઝાઈ રસૂલલ્લાહ (સ.)ના સહાબી, અને જંગે સિફ્ફીનમાં મૌલા અલી (અ.)ની સાથે હાજર હતા.[4] મુસય્યબ ઈબ્ને નજ્બા પણ એક સમજદાર માણસ અને કાદસિયા

1 રિજાલુલ કશી, સફહા–૨૯૨

2 નફસુલ મહ્મૂમ, સફહા–૧૨૪

3 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૩૫૨

4 અલ–ઈસાબા, જિલ્દ–૨, સફહા–૬૭

તેમ જ ઈરાકની જીતમાં શામિલ હતા.[1] રિફાઆ ઈબ્ને શદ્દાદ બજલી ઈમામ અલી (અ.) અને ઈમામ હસન (અ.)ના સહાબી હતા, અને એ લોકોમાં શામિલ હતા કે જેઓ હઝરત અબૂ ઝર ગિફારી (રઝી.)ના ગુસ્લમાં શામિલ થયા હતા, અને જેમના માટે રસૂલલ્લાહ (સ.)એ જન્નતની બશારત આપી હતી.[2] આ લોકોની સાથે હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.)નું નામ જોડવામાં આવ્યું, તેનાથી જાહેર થાય છે કે આપ (અ.) શીઆઓની નજરમાં એક મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા.

**હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)ની સાથે:**

જ્યારે હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) કૂફામાં આવ્યા અને મુખ્તારના ઘરમાં ઉતારો કર્યો, તો શીઆઓ આપ (અ.)ની પાસે આવવા લાગ્યા, જેમાં કેટલાકોએ ઊભા થઈને લોકોની સામે ખુત્બા પણ આપ્યા, જેમાં આબિસ શાકિરી (અ.) પણ હતા. હઝરત હબીબ (અ.)એ તેમની તારીફ કરી અને ફરમાવ્યું કે, "અલ્લાહ આપના પર રહમ કરે. આપે પોતાના મનમાં રહેલી વાતોને ખૂબ જ સારી રીતે ટૂંકાણમાં બયાન કરી દીધી, અને અલ્લાહની કસમ કે જેના સિવાય કોઈ ખુદા નથી, હું પણ આપે જે પ્રમાણે કહ્યું એ જ ઈમાન ધરાવું છું."[3]

હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) અને હઝરત મુસ્લિમ ઈબ્ને ઔસજા (અ.) કૂફામાં હઝરત ઈમામ હુસૈન (અ.)ની બૈઅત લેતા હતા, પરંતુ જ્યારે ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ કૂફામાં આવ્યો અને લોકોએ હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)નો સાથ છોડી દીધો ત્યારે આ બન્નેના કબીલાવાળાઓએ આ બન્નેને નજરકેદ કરી દીધા અને બન્નેને છુપાવી દીધા, પરંતુ જ્યારે હઝરત ઈમામ હુસૈન (અ.) કરબલામાં આવ્યા તો બન્ને છૂપી રીતે નીકળી પડ્યા, રાત્રે મુસાફરી કરતા અને દિવસે છુપાઈ જતા હતા, અને આવી રીતે બન્ને કરબલા પહોંચી ગયા.[4]

**બની અસદને મદદ માટે બોલાવવા:**

માહે મોહર્રમની છ તારીખે ઉમર ઈબ્ને સઅદની પાસે ઘણું મોટું લશ્કર ભેગું થઈ ગયું. આ જોઈને હઝરત હબીબ (અ.) ઈમામ (અ.)ની પાસે આવ્યા અને ફરમાવ્યું કે, "અહીંયાં નજીકમાં જ બની અસદની એક આબાદી છે. જો આપ મને ઈજાઝત આપો તો હું તેમની પાસે જાઉં અને તેમને આપની મદદ માટે બોલાવી લાવું, કદાચ આપની તકલીફમાં તે લોકોના કારણે કંઈક રાહત થાય!" ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે, "અય હબીબ! તમને ઈજાઝત છે." તેથી હઝરત હબીબ (અ.) રાતના અંધકારમાં છૂપી રીતે તે લોકોની પાસે ગયા, અને તે લોકોને સલામ કરી. તે લોકોએ પણ

1 અલ–ઈસાબા, જિલ્દ–૩, સફહા–૪૯૫
2 તન્કીહુલ મકાલ, જિલ્દ–૧, સફહા–૪૩૨
3 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન, સફહા–૧૦૧
4 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન, સફહા–૧૦૨

આપ (અ.)ને સલામ કરી. તે લોકો જાણતા હતા કે આપ (અ.) બની અસદ કબીલાના છે, તેથી તે લોકોએ પૂછ્યું કે, “અય કાકાના દીકરા ભાઈ! તમારે શું કામ છે?” તો આપ (અ.)એ ફરમાવ્યું કે, “હું તમારી પાસે એ નેકીનું કામ લઈને આવ્યો છું કે આવી નેકી કોઈ માણસ કોઈ કોમ પાસે લઈને નથી આવતો. હું તમને રસૂલલ્લાહ (સ.)નાં બેટીના ફરઝંદની મદદ કરવા માટે બોલાવવા આવ્યો છું. આપ (અ.) કેટલાક મોમિનોની વચ્ચે છે, જેમાંનો એક માણસ એક હજાર માણસો કરતાં બહેતર છે, જેઓ આપ (અ.)ને ક્યારેય એકલા છોડવાના નથી, અને ક્યારેય દુશ્મનોના હવાલે કરવાના નથી, અને આપ (અ.)નું પૂરેપૂરું ધ્યાન રાખી રહ્યા છે, પરંતુ આ ઉમર ઈબ્ને સઅદે બાર હજાર દુશ્મનોની વચ્ચે આપ (અ.)ને ઘેરી રાખ્યા છે, અને તમે મારી કોમ અને મારો પરિવાર છો, અને હું તમારી પાસે આ નસીહત લઈને આવ્યો છું. તો આપ (અ.) ની મદદ કરવાની બાબતમાં આજે મારી પૈરવી કરો, જેથી આખેરતમાં ઈજ્જત પામશો, કારણ કે હું અલ્લાહની કસમ ખાઈને કહું છું કે જે પણ માણસ રસૂલલ્લાહ (સ.)નાં બેટીના ફરઝંદની મદદ કરવામાં સબ્ર અને ધીરજથી શહીદ થશે, તો તે મોહંમદ (સ.)ની સાથે ‘આલા ઈલ્લિય્યીન’માં રહેશે.” આ સાંભળીને બની અસદમાંથી એક માણસ ઝડપથી આગળ વધ્યા કે જેમનું નામ બિશર ઈબ્ને ઉબૈદુલ્લાહ હતું, તેઓ કહેવા લાગ્યા કે, “અલ્લાહની કસમ, હું આ દાવતને કબૂલ કરનારો પહેલો માણસ છું.” પછી તે આબાદીના ઘણાબધા માણસો હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) ની સાથે આવ્યા, પરંતુ તે આબાદીમાંથી એક માણસે તે સમયે છૂપી રીતે ઉમર ઈબ્ને સઅદની પાસે જઈને તેની ખબર આપી દીધી, તો તેણે પોતાના સાથીઓમાંથી એકને બોલાવ્યો અને તેને ચાર હજારનું લશ્કર આપીને પેલા ખબર આપનાર માણસની સાથે બની અસદની આબાદી તરફ રવાના કર્યો. રસ્તામાં ફુરાતના કિનારે આ લોકો મળ્યા કે જેઓ ઈમામ હુસૈન (અ.)ના લશ્કર તરફ જઈ રહ્યા હતા. આ બન્ને લશ્કરો એકબીજાને નેઝા મારવા લાગ્યાં અને સખ્ત જંગ શરૂ થઈ ગયો. હઝરત હબીબ (અ.)એ ઊંચા અવાજે કહ્યું કે, “અફસોસ થાય તારા પર, અય અઝરક! અમારે તારાથી શું મતલબ? અમારો રસ્તો છોડી દે!” તોય જંગ શરૂ થઈ ગયો. જ્યારે આ આવનારા લોકોએ આ જોયું તો પોતાના ઘર તરફ પાછા જતા રહ્યા. હઝરત હબીબ ઈબ્ને મુઝાહિર (અ.) પણ ઈમામ હુસૈન (અ.)ની પાસે પાછા આવી ગયા અને આ બનાવની જાણ કરી, ત્યારે ઈમામ (અ.)એ ફરમાવ્યું કે, “નથી કોઈ હલનચલન કે તાકાત સિવાય કે જે અલ્લાહ અલી અને અઝીમથી હોય.”[1] (ક્રમશઃ)

---

1 અલ–ફુતૂહ, જિલ્દ–૫, સફહા–૯૦; મક્તલુલ હુસૈન લિલખ્વારિઝમી, જિલ્દ–૧, સફહા–૨૪૩; બિહારુલ અન્વાર, જિલ્દ–૪૪, સફહા–૩૮૬

# આપણા ઘરની વાતો

● ઈન્નાલિલ્લાહે...



← બાદરપુરનિવાસી **મર્હૂમ મો.રસૂલભાઈ સાવદીભાઈ કરમુલા** મુ.તા. ૧૫, જમા. અવ્વલ-૧૪૪૬ તા.૧૮/૧૧/૨૦૨૪ને સોમવારના રોજ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



વસોનિવાસી **મર્હૂમ ગુલામઅબ્બાસ ગુલામમોહંમદ મોમિન** મુ.તા. ૨૮, જમા.અવ્વલ-૧૪૪૬ તા.૦૨/૧૨/૨૦૨૪ને સોમવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. →



વાઘરોલનિવાસી **મર્હૂમ હાજી અબ્બાસઅલી જલાલભાઈ આંબલીયાસણા (મલંગ)** મુ.તા. ૦૭, જમા.આખર-૧૪૪૬ તા.૧૦/૧૨/૨૦૨૪ને મંગળવારના રોજ ૬૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેમણે ૧૮ વર્ષ સુધી જાફરી બાગ, સિધ્ધપુરમાં સેવા આપી હતી અને તેમણે શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ સુંદર કામગીરી બજાવી હતી. તેઓ હંમેશાં સમાજની સંસ્થાઓ અને સમાજ માટે શુભચિંતક રહ્યા હતા. →



← ખડીયાસણાનિવાસી **મર્હૂમ હાજી ગુલામહુસૈન અલીજી સુણસરા** મુ.તા. ૧૨, જમા. આખર-૧૪૪૬ તા.૧૫/૧૨/૨૦૨૪ને રવિવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



કેસિમ્પાનિવાસી **મર્હૂમ મો.ગુલામભાઈ અલીમોહંમદ માણસીયા** મુ.તા. ૧૯, રજબ-૧૪૪૬ તા.૨૦/૦૧/૨૦૨૫ને સોમવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. →



હરીપુરાનિવાસી **મર્હૂમા મો.હુરીબેન વલીભાઈ ગોદડ** મુ.તા. ૨૧, રજબ-૧૪૪૬ તા.૨૨/૦૧/૨૦૨૫ને બુધવારના રોજ ૮૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. →



← સુરપુરનિવાસી **મર્હૂમા મો.રસૂલબેન યૂસુફભાઈ ખણસીયા** મુ.તા. ૨૬, રજબ-૧૪૪૬ તા.૨૭/૦૧/૨૦૨૫ને સોમવારના રોજ

૯૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



← સેદ્રાણાનિવાસી **મર્હૂમ મો.મોહંમદઅલી રહીમભાઈ બાલવા** મુ.તા. ૨૬, રજબ–૧૪૪૬, તા.૨૭/૦૧/૨૦૨૫ને સોમવારના રોજ ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.



# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦૦/- મર્હૂમ હાજી ગુલામહુસૈન અલીજી સુણસરા (ખડીયાસણા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૩૭૦૦/- મર્હૂમ મો.ગુલામભાઈ અલીમોહંમદ માણસીયા (કેસિમ્પા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- ઝહરાબેન યૂસુફઅલી મોમિન (નડીયાદ) તરફથી મર્હૂમ ફતેહભાઈ હાસમભાઈ મોમિન, મર્હૂમા અમીનાબેન ફતેહભાઈ મોમિન, મર્હૂમ ગુલામઅલી ફતેહભાઈ મોમિન, મર્હૂમ મૌલવી ફતેહમોહંમદ, મર્હૂમા ઝૈનબબેન ફતેહમોહંમદ મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- હાજી શેરઅલી હાજી શરીફભાઈ ડોડીયા (મહેરપુરા)ના પરિવારજનો તરફથી મર્હૂમ ગુલામમોહંમદ (મયુરભાઈ)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.રસૂલભાઈ સાવદીભાઈ કરમુલા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૧/- મો.તાહેરઅલી રસૂલભાઈ કરમુલા

રૂા.૨૫૧/- મો.મિક્દાદઅલી રસૂલભાઈ કરમુલા

રૂા.૨૫૧/- મો.આસિફઅલી રસૂલભાઈ કરમુલા

રૂા.૨૫૧/- મો.ઝહરાબેન અબ્બાસઅલી રાબડી

રૂા.૧૫૧/- મો.રાબિયાબાનું તાહેરઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.મહમૂદાબેન મિક્દાદઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.તાહેરાબેન આસિફઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.મન્સૂરઅલી તાહેરઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.હૈદરઅબ્બાસ તાહેરઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.તાહેરાબેન એહમદઅબ્બાસ કરમુલા

રૂા.૧૫૧/- મો.આબિદઅલી આસિફઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.મેઅરાજફાતેમા આસિફઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.મકબૂલફાતેમા આસિફઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.એહસાનઅલી મિક્દાદઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.સકીનાફાતેમા મિક્દાદઅલી કરમુલા

રૂા.૧૫૧/- મો.સફદરઅલી મિક્દાદઅલી કરમુલા

રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન ગુલામઅલી મલેકપુરા

**મર્હૂમ મો.ગુલામઅબ્બાસ ગુલામમોહંમદ મોમિન**

**(વસો)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.હુસૈનાબેન ગુલામઅબ્બાસ મોમિન
રૂા.૫૦૦/- મો.રિઝવાનઅલી ગુલામઅબ્બાસ મોમિન
રૂા.૫૦૦/- મો.બિલ્કીસબાનું રિઝવાનઅલી મોમિન
રૂા.૫૦૦/- મો.ઝહરાફાતેમા રિઝવાનઅલી મોમિન

**મર્હૂમા મો.રસૂલબેન યૂસુફભાઈ ખાણુસીયા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.કાસિમઅલી યૂસુફભાઈ ખાણુસીયા
રૂા.૫૦૦/- મો.કમ્બરઅલી યૂસુફભાઈ ખાણુસીયા
રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી યૂસુફભાઈ ખાણુસીયા
રૂા.૫૦૦/- મો.મિક્દાદઅલી યૂસુફભાઈ ખાણુસીયા
રૂા.૨૦૦/- મો.રહમતબેન હબીબભાઈ સુરપુરા
રૂા.૨૦૦/- મો.બાકરઅલી ગુલામહુસૈન ખાણુસીયા
રૂા.૨૦૦/- મો.જાફરઅલી ગુલામહુસૈન ખાણુસીયા
રૂા.૨૦૦/- મો.સાબેરાબેન હસનઅલી ઢુઢા (ઈલોલ ત.)
રૂા.૨૦૦/- મો.તાહેરાબેન નઝરહુસૈન માણુસીયા
રૂા.૨૦૦/- મો.અલુબેન ગુલામનબી સુરપુરા
રૂા.૨૦૦/- મો.અક્બરઅલી યાકૂબભાઈ આગલોડીયા (પીંપોદર)
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન જાફરઅલી આગલોડીયા (જેઠીપુરા)
રૂા.૧૦૦/- મો.ઝહરાબેન મંજૂરઅલી માંકાણુસીયા
રૂા.૧૦૦/- મો.સલમાબેન અક્બરઅલી કડીવાલા
રૂા.૧૦૦/- મો.સાલેહાફાતેમા મોહંમદઅલી ખાણુસીયા
રૂા.૧૦૦/- મો.અર્શદઅહમદ મોહંમદઅલી ખાણુસીયા

રૂા.૧૦૦૦/- મર્હૂમા મો.હુરીબેન વલીભાઈ ગોદડ (હરીપુરા)ની રૂહના સવાબ અર્થે મો.મોહંમદઅલી વલીભાઈ ગોદડ, મો.ફાતેમાબેન મોહંમદઅલી ગોદડ, મો.કાઝિમઅલી વલીભાઈ ગોદડ, મો.ફાતેમાબેન કાઝિમઅલી ગોદડ, મો.મિક્દાદઅલી વલીભાઈ ગોદડ, મો.ઝહરાબેન મિક્દાદઅલી ગોદડ, મો.અબ્દુલભાઈ સુલેમાનભાઈ ગોદડ, મો.નસીરભાઈ સુલેમાનભાઈ ગોદડ, મો.ગુલામહૈદર અલીભાઈ ગોદડ, મો.અક્બરઅલી અલીભાઈ ગોદડ, મો.ફાતેમાબેન ઈસ્માઈલભાઈ બાદરપુરા, મો.ઝહરાબેન કમ્બરઅલી બાદરપુરા, મો.ઝહરાબેન બાકરઅલી મસી, મો.શીરીનબેન આબિદઅલી બાદરપુરા, મો.નજમાબેન નજરઅલી નુરભાણેજ, મો.શાકેરાબેન કરામતઅલી માંકાણશીયા (ગણેશપુરા), મો.તાહેરાબેન અહમદહુસૈન આગલોડીયા (પીંપોદર) તરફથી.

રૂા.૫૦૦/- ગુલામમોહંમદ મોહંમદઅલી લોટીવાલા (ધોળકા) તરફથી જાફરી ખાનદાના મર્હૂમોની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- યૂસુફભાઈ નૂરભાઈ મોમિન (અમદાવાદ) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- યૂસુફભાઈ નૂરભાઈ મોમિન (અમદાવાદ) તરફથી હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- યૂસુફભાઈ નૂરભાઈ મોમિન (અમદાવાદ) તરફથી મર્હૂમા કમુબેન યૂસુફભાઈ મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- બંદએ ખુદા

રૂા.૧૦૦૦/- બંદએ ખુદા

રૂા.૩૧૦૦/- મો.ફાતેમાબેન મોહંમદઅલી બાળવા (સેદ્રાણા) તરફથી મર્હૂમ મો.મોહંમદઅલી રહીમભાઈ બાળવાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.શબ્બીરઅલી ઈબ્રાહીમભાઈ માણસિયા (સદીકપુર) તરફથી જાફરી આવાઝને ઉત્તેજન અર્થે.


AMITY
COMPUTERS
Always Technology
AMITY
COMPUTERS
Always Technology
9737547440 / 9978547440
OUR SERVICES
1) New Computer Laptop
Sales and Services
2) Computer Hardware
&
Peripherals
3) Networking, Wireless
&
Solution
4) CCTV Camera Sales
&
Installation
5) Printer Sales & Services
LG
INTEX
DEMAND MORE
i ball
EPSON
EXCEED YOUR VISION
DELL
VAIO
SAMSUNG
ASUS
IN SEARCH OF INCREDIBLE
HCL
hp
Canon
acer
intel
ADDRESS
PALANPUR
Shop No 01,1st Floor,
City light Business Center, Palanpur,
gujrat - 385001
VADGAM
Shop No 27,1st Floor,
Shukan Plaza,Palanpur Road,
Vadgam , gujrat - 385410